શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ, મુંબઈનું મુખપત્ર

# સોરઠ વિશાશ્રીમાળી

પૃષ્ઠ : ૪૪

વર્ષ : ૪૯ મુલ્ય : રૂા. ૮/- અંક : ૪ એપ્રિલ ૨૦૨૧





શ્રી ચુનીલાલભાઈ ગોપાલજી વસા

# એપ્રિલ માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

## જીવ્યા થોડું, જીતી ગયા ઘણું

શ્રી ચુનીલાલ ભાઈનો જન્મ મજેવડી મુકામે સં. ૧૯૭૪ના ભાદરવા વદી-૨ને સોમવાર તા. ૯-૮-૧૯૧૮ના રોજ થયો હતો. બચપણ વતન મજેવડીમાંજ વિતાવ્યું. સં. ૧૯૯૪ના વૈશાખ વદ-૧૩ને શુક્રવાર તા. ૨૭-૫-૧૯૩૮ના રોજ ૨૦ વર્ષની ઉંમરે મુંબઈ કમાવા આવ્યા. શરૂઆતમાં મુંબઈના શાપરીયા ડોકમાં નોકરી કરી. પણ મનમાં નિશ્ચય કર્યો હતો કે પોતાનો સ્વતંત્ર ધંધો કરી જીવનમાં આગળ વધવું. પોતાની આગવી કુશળતા, સાહસ અને બુદ્ધિશક્તિથી સૌ પ્રથમ મલાડમાં એક નાનું એવુ લેથ મશીન બનાવવાનું કારખાનું શરૂ કર્યું. ત્યારબાદ અપ્રિતમ સફળતા હાંસલ કરીને કાંદિવલી (વેસ્ટ)માં જમીનનો પ્લોટ લઈને જાત-મહેનતથી દવાની ગોળીને સ્ટ્રીપમાં પેકીંગ કરવાના અતિ આધુનીક ઓટોમેટીક મશીન બનાવવાનું ચાર માળની ફેક્ટરી બનાવી જેનું તેને મે. જેમકો ચક્ર મેન્યુ. વર્કસ નામ આપ્યું હતું.

ચુનીલાલભાઈના લગ્ન સં. ૨૦૦૧ના મહાસુદ ૧૦ના તા. ૨૩-૧-૧૯૪૫ના રોજ મોટી મારડ નિવાસી શ્રી કાનજી નેમચંદ શાહની સુપુત્રી નિર્મળાબેન સાથે મોટી મારડ મુકામે થયેલ હતાં. તેમના ધર્મ પત્નીનો જીવનમાં ૬૮ વર્ષનો સાથ રહ્યો હતો. પરિવારમાં ત્રણ દીકરાઓ અને છ દીકરીઓ. તેમના બીજા નંબરના દીકરી વર્ષા બહેન ઉપર તેમને બહુ હેત અને પ્રેમ હતાં એટલે તેઓ તેમને ''ભગવાન'' કહેતા. અને આ ભગવાને જ તેમની જીવન પર્યંત સેવા ચાકરી કરેલ હતી.

ચુનીલાલભાઈ તા. ૧૭-૪-૨૦૧૩ના રોજ વિલે પારલે (ઈ) ખાતે અરિહંત શરણ પામ્યા. તેમની યાદમાં તેમની સુપુત્રી વર્ષાબેને પુણ્યના ઘણાં શુભ કાર્યો કર્યા. ભાવનગરના પાંજરાપોળમાં ગાયોનો વાડો બંધાવ્યો અને ત્યાં પાણીનો પંપ અને મોટર મુકાવી ચોખ્ખા પાણીનું પરબ બંધાવ્યું. ભાવનગરની ગાયત્રી સોસાયટીના દેરાસરમાં સોનેરી શત્રુંજય તીર્થનો પટ અને જૂનાગઢ-ગીરના નેમિનાથદાદાનો પટ બનાવડાવી પ્રતિષ્ઠા કરેલ છે. રાજકોટની શેઠ શ્રી દેવકરણ મૂળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડિંગમાં તખ્તીઓ મુકાવવા માટે યોગદાન આપેલ છે. શ્રી શુભેચ્છક મિત્ર મંડળ-મુંબઈમાં રૂા. ત્રણ લાખનું યોગદાન અનાજ વિતરણ યોજનામાં આપેલ છે. ચૈત્ર સુદ-૭ના વાપીની બાજુના ૨૨ ઘરના ગામને દત્તક લીધેલ છે. આ રીતે તેમના સ્મરણાર્થે તેમના પરિવારને પ્રેરણા મળતી જ રહે.

**તેમના સમગ્ર પરિવાર તરફથી પ્રાર્થના:**

દેહનો વિલય થાય છે પરંતુ આત્માનો વિલય થતો નથી. અમારા હૃદયમાંથી આપની સ્મૃતિનો ક્યારેય વિલય થશે નહીં. આપે વિદાય લીધી, સંકેલી લીધી માયા, મહેનત કરી કમાયા, કુટુંબના વડીલ તમે, ગુમાવી અમે છત્ર છાયા. કાળે જુદા પાડ્યા ભલે પણ હૃદયે રહેશો સમાયા, એક પણ દિવસ એવો પસાર નથી થયો કે પૂજ્યશ્રી આપની યાદ ન આવી હોય.

વહી જતાં સમયના વહેણમાં એક એક પળ યાદ કરતાં આપની વસમી વિદાયને આજે બે વર્ષ વિતિ ગયા છતાં આપની સ્નેહભરી સ્મૃતિઓ અને સુસ્મરણો થકી યશસ્વી જીવનની યાદગાર પળો ક્ષણભર પણ ભુલાતી નથી. નથી થતો હજી પણ આ આ હૃદયને વિશ્વાસ કે તમે ઘરના ખૂણે ખૂણામાં તમારી સુવાસ, હજી થાય છે હરપળ તમારો આભાસ રહેશે તમે સદા અમારી સાથ.

જીવ્યા થોડું જીતી ગયા ઘણું, ન જાણ્યુ જાનકીનાથે સવારે શું થવાનું છે. નહોતી ખબર કે આટલું વહેલું તમારે જવાનું છે, પણ આપ ગયા તે રીતે કોઇ જતુ નથી. અમારા મસ્તક પર રાખજો સદા તમારો હાથ સહ નતમસ્તકે શ્રદ્ધા સુમન આપને યાદ કરનાર પરિવારજનો:

જીવન સંગીની નિર્મળાબેન ચુનીલાલ વસા, પુત્રો-પુત્રવધુઓ, દીકરીઓ-જમાઈઓ. હ: વર્ષાબેન ચુનીલાલ વસા.

ચુનીલાલભાઈ તેમના પરિવારની ઉત્કૃષ્ટ સેવા બદલ તેમનું જીવન તેમના પરિવાર માટે દિવાદાંડીસમ બની રહેશે તેમજ શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ-મુંબઈ તેમના પરિવારજનોના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભ-ભાવના.

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**

૪, દેવકરણ મેન્શન, બિલ્ડિંગ નં. ૭, બીજે માળે, ૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**For Website Registration Mobile No. 9372118417**

**ફોન : ૦૨૨-૨૨૦૬૯૧૭૨, મોબાઈલ : ૯૩૨૧૭૭૫૮૦૫**

સમય : બપોરે ૧-૦૦થી સાંજે ૬-૦૦ (1.00 pm to 6.00 pm)

Email : svjainsamajmumbai2@gmail.com-data@svjainsamaj.com

www.svjainsamaj.com

**તંત્રી : શ્રીમતી કીર્તિબેન મયુરભાઈ મહેતા** મો. ૯૨૨૪૭૭૧૨૩૮

**સહતંત્રી : શ્રી નિખીલ કિશોરકુમાર શાહ** મો. ૯૬૧૯૬૧૯૯૯૭

### સમાજની કારોબારી સમિતિ

શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા -------------------- પ્રમુખ
શ્રી ગિરીશભાઈ કાંતિલાલ પારેખ ----------------- ત.ભૂ. પ્રમુખ
શ્રી ગુણવંતભાઈ વૃજલાલ મહેતા ------------------ ઉપ-પ્રમુખ
શ્રી મયુરભાઈ નગીનદાસ મહેતા ------------------ માનદ્મંત્રી
શ્રી દીક્ષિતભાઈ નટવરલાલ માઝની -------------- માનદ્ સહમંત્રી
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા ------------- માનદ્ ખજાનચી
શ્રી જયંતભાઈ ચુનિલાલ દોશી-------------- માનદ્ સહખજાનચી
શ્રી અનિલભાઈ ગુલાબચંદ મહેતા ---------------------- સભ્ય
શ્રી અશોકભાઈ દલિચંદ ભણશાલી --------------------- સભ્ય
શ્રી નિખીલભાઈ કિશોરકુમાર શાહ --------------------- સભ્ય
શ્રી પિયુષભાઈ હરકિશનદાસ શાહ --------------------- સભ્ય
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર--------------------- સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા --------------------- સભ્ય
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા ----------------------- સભ્ય
શ્રીમતી નીતાબેન પરેશભાઈ શેઠ ---------------- કૉ. ઓપ્ટ સભ્ય
શ્રીમતી દીપ્તિબેન દીક્ષિતભાઈ માઝની ----------- કૉ. ઓપ્ટ. સભ્ય

### સલાહકાર સમિતિ

**શ્રી શ્રીકાંતભાઈ સાકરચંદ વસા - શ્રી પ્રવીણભાઈ હિંમતલાલ સંઘવી**
**શ્રી મહેન્દ્રભાઈ ઓતમચંદ પુનાતર - શ્રી પરેશભાઈ મણીલાલ શેઠ**

**BANK DETAILS:**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**BANKER : Bank of Baroda, M. J. Market, Mumbai-3**
**S. B. A/c No. 03870100000044**
**IFSC : BARB0BULLIO MICR : 40012047**

**Name : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**BANKER: UNION BANK OF INDIA**
**Princess Street, Mumbai - 400 002**
**S.B.A/c. No. 319102010054364**
**IFSC : UBIN0531910**

**કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે**

**Auditor : Viren Vasa & Associates**
**Chartered Accountants, Mumbai**

| **લવાજમના દરો** | **ભારતમાં** |
|---|---|
| વાર્ષિક : રૂા. ૧૦૦/- | આજીવન રૂા. ૧૫૦૦/- |

પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 Yearly

મુદ્રણ અને પોસ્ટિંગ **અરિહંત પ્રિન્ટિંગ પ્રેસ-નીતિનભાઈ બદાણી**
સાઈબાબા નગર, ૩૧૦ ત્રિકાલ બિલ્ડિંગની પાછળ, નાયડુ કોલોનીની પાસે,
પંતનગર, ઘાટકોપર(ઈ), મુંબઈ-૭૫ **ફોન:૯૨૨૩૪૩૦૪૧૫**



# શ્રી સોરઠ વિશાશ્રીમાળી

**અંક - ૪ ⊙ વર્ષ : ૪૯ ⊙ એપ્રિલ ૨૦૨૧ ⊙ મૂલ્ય રૂા. ૮**


## મારી આંખોમાં પણ આજે

રોજ હવે આ આંસુ પીને સ્મરણ ઊગ્યાં છે લીલાં,
મારી આંખોમાં પણ આજે,
તેમ છતાં આ છાતી મારી બળબળ બળતી જાય
કહો એ કોને કારણ દાજે ?
આંગણ સૂનાં, સૂની મેડી, સૂનાં ગામનાં પાદર
ઊભો કેમ રહ્યો છું રણમાં ?
પ્રથમ પૂછયું મેં મને જ તો મેં જાણ્યું કે કંઈ બીજું નથી
છે ખાલીપો કારણમાં.
ખાલીખમ રસ્તાની ધારે ઊભાં છે આ ઝાડ છતાંયે
કોઈ નથી નો ડૂમો બાઝે,
રોજ હવે આ આંસુ પીને સ્મરણ ઊગ્યાં છે લીલાં
મારી આંખોમાં પણ આજે,
સમી સાંજના ટાણે થાતો ઝાલરનો રણકાર
હવે ત્યાં સૂના મંદિર ગાતાં,
ઊડે હવામાં ધૂળની ડમરી ગોધણ સાથોસાથ
નથી એ દૃશ્ય હવે દેખાતાં,
કોઈ સાપની જેમ જ ડંખે વીત્યો એ ભૂતકાળ મને
મારામાં શાને કાજે ?
રોજ હવે આ આંસુ પીને સ્મરણ ઊગ્યાં છે લીલાં
મારી આંખોમાં પણ આજે.

**તેજસ દવે**

# પુણ્યતિથિએ ભાવપૂર્વક હાર્દિક શ્રદ્ધાંજલિ



## છોડવડી (સોરઠ) નિવાસી
## સ્વ. શ્રી કાન્તીલાલ કપુરચંદ મહેતા

સ્વર્ગવાસ તા. ૧૪/૨/૨૦૧૧

જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ, આંખમાં અમી, દરિયા જેવું દિલ, મીઠી વાણી, સ્નેહની સરવાણી, સરળ અને મિલનસાર સ્વભાવ, વ્યવહારિક સુઝ અને બીજાને ઉપયોગી જીવવાની ભાવનાવાળા,સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડયું નહિ, હસ્તો રાખી ચહેરો, કાયમની લીધી વિદાય અને મૃત્યુને કર્યુ અમર. પૈસો આપતાં બધુ ખરીદી શકાશે પણ પિતાનું વાત્સલ્ય અને પ્રેમ ખરીદી શકાતો નથી.

હે પરમ કૃપાળુ પરમાત્મા, સદ્‌ગત આત્માને શાશ્વત સુખ અને પરમ શાંતિ અર્પે એવી અમારા સહ પરિવારની પ્રાર્થના..

તમે આવ્યા અમારા જીવનમાં, ધુપછડી બની, સર્વત્ર મહેંકી યાદ તમારી આવતાં, આંખલડી છલકાય છે, જોઇ તસ્વીર તમારી, ઉઠયા આંસુ ઉભરાય છે.

### તમારો પ્રેમાળ પરિવાર..

| | | |
|---|---|---|
| ધર્મપત્નિ | :- | મંજુલાબેન કાન્તીલાલ મહેતા |
| પુત્ર-પુત્રવધુ | :- | માયા જીતેન્દ્ર મહેતા / હર્ષા ભરત મહેતા / દિપા પરાગ મહેતા |
| પુત્રી-જમાઇ | :- | મીના હર્ષદરાય વારીયા / હર્ષા પ્રદીપકુમાર મહેતા / નયના કુમાર ઐયર |
| પૌત્ર-પૌત્રવધુ | :- | ઉર્વી કેજલ મહેતા / નિકિતા પારસ મહેતા |
| પૌત્ર | :- | ઋષભ, વિરલ, વિશાલ, સૂરજ, વિજય, મયુર |
| પૌત્રી | :- | હિરલ, દેવાંશી, હિલોની, કૃપા, રીટા, નેહા |
| પપૌત્રી -પુત્ર | :- | હસ્તી, હિયાંસ |



# તંત્રીસ્થાનેથી

મારા આપ્તજનો,

સૌને મારા સાદર પ્રણામ,

ઊનાળાની કાળઝાળ ગરમી શરૂ થઈ ગઈ છે. અને એમાંય પાછો કરોનાનો વિકરાળ પંજો પાછો હાથ મારી રહ્યો છે. આવી પરીસ્થિતિમાં મનને શાંત અને એકાગ્રચિત્ત રાખીને જે સરકાર દ્વારા આપેલ સૂચનાઓ છે એનો કડક અમલ કરવો જરૂરી છે. વેકશેનમાં છોકરાવને મામાના ઘરે જવાની ઇચ્છા થાય પણ આ પરીસ્થિતિમાં સહુએ ફરી ઘરે રહેવાની જરૂર છે. અને એમાં કેવી રીતે શાંત, એકાગ્ર અને સ્વસ્થ રહેવું એ વિચારવું જરૂરી છે.

એકાગ્રતાપૂર્વક કરાયેલુ કાર્ય થોડા વખતમાં અને ઘણી સારી રીતે પૂર્ણ કરી શકાય છે. કાર્ય નાનું હોય કે મોટું હોય છતાં તેમાં મનને બરાબર પરોવીને તે કરવું જોઈએ. તેમ કરવાથી મનને એકાગ્ર થવાની ટેવ પડે છે. મનનો પ્રવાહ બીજા આડાઅવળા વિચારોથી તૂટી ન જતા અખંડ પ્રવાહ રૂપ બની રહે છે. પ્રથમ જે કાર્ય કરવા ઇચ્છતા હો તે કાર્ય ઉપર બરોબર લક્ષ્ય આપવું. વ્યવહારના કાર્ય હોય કે ઘરના કાર્ય હોય કે ઓફિસના કાર્ય હોય આ બધામાં હમણા આવા સંજોગોમાં ખૂબ જ ધીરજપૂર્વક અને શાંત મને કામ ને પાર પાડવું.

આ વિકટ પરીસ્થિતિમાં આર્થિક સમસ્યા એ આજના માનવી માટે મોટામાં મોટી સમસ્યા બની ગઈ છે. આર્થિક ચિંતાઓ બે જાતની હોય છે. એક તો પોતાનો વ્યવહાર ચલાવવાની અને બીજી પોતાની પ્રગતિ માટેની. આપણે સૌ માત્ર ગતિમાં રહીને જ જીવી શકીયે છીએ એટલે જ્યારે પ્રગતિ અટકી જાય છે ત્યારે આપોઆપ જ અધોગતિ શરૂ થઈ જાય છે. એટલે પ્રગતિને સતત ટેકો આપવા માટે આપણે આપણા આર્થિક વ્યવહારો ગોઠવવા પડે છે. આપણો જીવન-વ્યવહાર જ એટલો જટિલ બનતો જાય છે તે જીવતા રહેવા માટે પણ આપણે આપણી ગતિ સતત વધાર્યા જ કરવી પડે છે. એ એન્જિનમાં કોલસા પૂર્યા જ કરવા પડે છે. એટલે કેટલા કોલસા, કેટલીક શક્તિ, નિરર્થક વપરાયા જ કરે છે. છતાં તેને અટકાવી દેવાની સ્થિતિમાં આપણે હોતા નથી.

તો આર્થિક ચિંતાઓમાંથી બચવાનો ઈલાજ એક જ છે. સાદગી જેટલું સાદુ જીવન રાખશું એટલી ચિંતાઓથી મુક્ત રહેશું. માણસના લોભને બે જ વસ્તુ શાંત કરી શકે છે. એક સંતોષ અને બીજું સ્મશાનની માટી.

સંતોષ માનવામાં જ આનંદ છે. અને જે પળ મળી છે એને આનંદથી વિતાવવી એમાંજ સાચા જીવનનો અર્થ સમાયેલો છે. જેટલી જરૂરીયાત ઓછી રાખશું એટલો જ આપણું મનને શાંત અને એકાગ્ર રાખી શકશું અને આનંદથી પરિવારમાં રહી શકશું.

તો આવો આપણી હર પળને આનંદીત કરવા જીવનને સાદગીભર્યું રાખીએ.

K. M. Mehta

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈની ભેટની રકમ નીચે લખેલ બેંકના ખાતાનાં જમા કરશોજી

**NAME : SHRI SORATH VISA SHRINALI JAIN SAMAJ**

**BANKER : BANK OF BARODA,**

M. J. MARKET, MUMBAI - 400 003.

**S. B. A/C NO.: 03870100000044**

**IFSC : BARB0BULLIO** (આ કોડમાં પાંચમું કેરેક્ટર ઝીરો છે.)

**MICR : 40012047**

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટની રકમ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી.

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**

**BANKER : UNION BANK OF INDIA,**

PRINCESS STREET, MUMBAI - 400 002.

**S. B. A/C NO.: 319102010054364**

**IFSC : UBIN0531910**

(આપની મોકલેલી રકમની દરેક વિગત,

નામ, સરનામુ, સ્ક્રીન શૉર્ટ

શ્રી આશિષભાઈ મહેતાના

મોબાઈલ નંબર No.: 9820863012 અથવા

શ્રી જયુભાઈ No.: 9821147177 ના વોટ્સઅપ ઉપર મોકલી આપવા વિનંતી)

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી

**SHRI SORATH VISHASHRIMALI SHUBHECHHAK MITRA MANDAL**

BANKER : **BANK OF INDIA,**

**bullion e**xchange branch, Mumbai

**A/C NO.: 000810100006108**

**IFSC CODE NO.: BKID0000008**

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ No.: 9833500508ના વોટ્સએપ ઉપર મોકલી આપવા વિનંતી)

## સંસ્થા સમાચાર

આપણા સમાજની ઓફિસ લોકડાઉન સમયે બંધ હતી તે હવે ચાલુ છે. અને હમણાનો સમય બપોરે ૧-૩ સુધીનો રહેશે. તો સહુએ નોંધ લેવા વિનંતી.

આપણા સર્વે સભ્યભાઈઓને નમ્ર વિનંતી કે આપ સહુ વેબ-સાઈટ માટે આપના કુટુંબના વડિલનું નામ અને એડ્રેસ તથા મોબાઈલ નંબર સાથે રજીસ્ટર કરો.

**Website Registration** માટેનો **Mobile No. 9372118417**

સમાજના જે પણ ભાઈને કોઈપણ લેખ અથવા કવિતા અથવા શ્રદ્ધાંજલીની વિગત મોકલવી હોય તો નીચે આપેલા ઈમેલ આયડી પર મોકલશો.

**kirtimehta.kd@gmail.com**

લૉકડાઉન હોવાથી ડાયરેક્ટ મેલથી મોકલવું હિતકારક છે.

### તમે સાઠ વર્ષના થઈ ગયા ? જો હા, તો હવેથી આટલું ધ્યાનમાં રાખશો

k બચાવી રાખેલા પૈસા વાપરવાનો આ શ્રેષ્ઠ સમય છે. k તમારા પૂરતું રાખી બાકીનું તમારા જ માટે વાપરવાનું શરૂ કરી દો. k હરો, ફરો જીવનસાથી તથા સંતાનો માટે સારી વસ્તુઓ ખરીદો. k આવતી પેઢી માટે રાખી ન મૂકશો ઘણીવાર તેમને તમે પાડેલા પરસેવાનું મૂલ્ય સમજાતું નથી હોતું. k હવે નવાં રોકાણ કરશો નહીં. વધતી ઉંમરે નવી ઝંઝટોમાં પડવું નહીં. k સંતાનો માટે તમે તમારાથી બનતું કર્યું. હવે તેઓ તેમનું જીવન સંભાળશે. તેમના સંતાનોની આર્થિક સ્થિતિની ચિંતા તમારે કરવાની નહીં. k તન-મન તંદુરસ્ત રાખો. સાદો ખોરાક, કસરત સારૂં વાંચન અને પોઝિટીવ વિચારો. તે માટે મદદરૂપ થશે. k જીવનસાથી સાથે ખૂબ પ્રેમ અને આનંદથી રહોય આવનારા વર્ષોમાં તેની અથવા તમારી ચિર વિદાયનો પ્રસંગ આવવાનો જ છે. તે પહેલાં એક જિંદગી જીવી લો. k નાની નાની બાબતોમાં શક્તિ ન વેડફો. k જીદ અને આગ્રહ છોડી દો k પ્રેમ અને બુદ્ધિમત્તા વૃદ્ધત્વને પાછું ઠેલે છે..

*- સાભાર*

# એક નાનો એવો નિયમ

સવાલ ૧ રૂપિયાનો જીવનમાં જો કાઈ સારું જીવવું હોય. નામ કમાવુ હોય. ભલે ક્યાંય પણ કામમાં કે પછી સબંધમાં. એક નિયમ બનાવી લો. દુનિયા તમારી બની જશે. નામ થશે. લોકોની વચ્ચે ઈજ્જત થશે. જે કરો એ પુરી ઈમાનદારીથી કરો. કોઈ ગરીબ જરૂરિયાત મંદની મદદ કરો. એક નિયમ બનાવી લો. દિવસમાં એક વાર કોઈ જરૂરીયાત મંદ ને મદદ કરીશ. ભગવાન એનું ૧૦ ગણું વ્યાજ સાથે પાછું આપશે. હા પણ ક્યારે જ્યારે આપણે આ આશાથી નહિ કે મને ૧૦ ગણું મળશે. કોઈ પણ સ્વાર્થ વગર કરેલી મદદ જરૂર કોઈને કોઈ રૂપમાં આપણને કામ લાગી જ જાય છે. આજે હું વાત મારી પોતાની કહીશ ૩ ૪ દિવસ જ થયા છે. મેં એક નિયમ બનાવ્યો છે. કોઈની પણ પાસે માલ સામાન લઈ ભલે ૨૧ ૧૦ રૂપિયાનો હોય... ૧૦૦ રૂપિયાનો કે પછી ૧૦૦૦ કે ૧૦ હજારનો કેમ ન હોય. ૧ રૂપિયો વધારે આપવાનો. ભલે કોઈ નાની દુકાન વાળો હોય કે મોટો શૉ રૂમ વાળો.! ૧ રૂપિયો વધારે આપવાનો. આજે ૧૧ રૂપિયો કદાચ ભારે પડશે. કેમ કે કામ ધંધા ઓછા થઈ ગયા છે. જોઈએ એવો નફો મળતો નથી. જોઈએ એવો નફો મળતો નથી. પણ કોઈ પણ સ્વાર્થ વગર આ કામ કરો કેટલા જશે દિવસ ના તમારા ૧૦-૧૫ કે ૨૦ રૂપિયા બસ આ હસતા હસતા અને સ્વાર્થ વગર કરતા રહો. આનું ફળ હમણા નહિ દેખાય. ભવિષ્યમાં દેખાશે. મને નથી ખબર શું ફળ મળશે કે પછી નહિ પણ મળે. કાઈ નહિ. પણ એક વાત કહીશ. આપણા મન ને જરૂર સંતોષ મળશે. એકવાર આ કાર્ય કરી જુઓ. પોતાની શાંતિ માટે મનની શાંતિ માટે ફળની ચિંતા કર્યા વગર. આજે આ વાત કદાચ ખોટી લાગશે. વાતમાં કાઈ દમ નહિ લાગે, પણ મે જોયું છે. સમજ્યું છે માટે હું કહીશ દિવસ ના ૧૦-૧૫ કે ૨૦ રૂપિયાથી કાઈ આપણે ગરીબ નથી થઈ જવાના કહેવાય છે ને કોઈ પણ વાત કોઈપણ કાર્ય કોઈને કરવા કહેવું એ પહેલા પોતે જાતે અમલ કરવું. હા તો એક જ વાત કહીશ. મેં જાતે પોતે ચાલુ કર્યું છે. બસ પોતાના મનની ખુશી માટે એ પણ કોઈ પણ સ્વાર્થ વગર.

**તેજસ શાહ**

# ક્રોધ

**કડવા ફળ છે ક્રોધના, જ્ઞાની એમ બોલે,**
**રીસતણો રસ જાણીએ, હલાહલ તોલે.**

ઉદયરત્ન લખે છે, જ્ઞાની પુરૂષોએ કહ્યું છે કે ક્રોધના ફળ ઘણા જ કડવા છે. વિષ સમાન કટુ છે. એ રીસનો રસ એટલે ક્રોધનું પરિણામ હળાહળ ઝેર સમાન છે.

દુનિયામાં દરેકને પોતાની ઈચ્છા મુજબ જ કરવું અને કરાવવું ગમતું હોય છે. પણ જો ક્યારેક એ પ્રમાણે ન થાય, ઈચ્છા વિરુદ્ધ થાય તો ગુસ્સો આવી જાય અને આ ગુસ્સાની માત્રા વધી જાય તેને ક્રોધ કહેવાય છે. મનુષ્યના ૬ મુખ્ય દુશ્મન છે. કામ, ક્રોધ, મોહ, મદ, લોભ અને મત્સર, ગુસ્સો, આવેગ, કષાય, દ્વેષ વગેરે ક્રોધના જ નાના મોટા રૂપો છે.

ક્રોધ તો જ્વાળામુખી જેવો છે. જ્વાળામુખીની જેમ જ ક્રોધાવેશમાં આવેલો માણસ લાલ પીળો થઈ જાય છે. આંખમાંથી અંગારા વરસવા લાગે છે. મોઢાથી અસ્ખલિત કડવી વાણી નીકળી છે. મગજ અને ગળાની નસો ફાટફાટ થવા લાગે છે. આમ જેને ક્રોધ આવ્યો હોય તેને ક્રોધ બાળીને ખાખ કરે છે, પણ તેના રસ્તામાં આવતા દરેક પર એના છાંટા પડે છે અને બીજાને પણ પોતાની આગમાં બાળે છે. ક્રોધ જેના દેહમાં આવે છે તેને વિરૂપ કરી નાંખે છે. ક્રોધ એ એક રોગ છે. અને દરેક રોગનું કારણ કુપથ્ય જ હોય છે. આ તામસ-કુપથ્ય આહાર છે. માયા, લોભ અને મોહ છે. આ કુપથ્ય બંધ કર્યા વિના રોગ ન જ અટકે ને! તો બસ, ધીમે ધીમે આ માયા-લોભ-મોહનું સેવન ઓછું કરી, બંધ કરી દઈએ તો ક્રોધ પેદા થવાનો જ નથી. અને છતાં, ન કરે નારાયણ ને ક્રોધ પેદા થવાનો શરૂ થયો, તો તરત વાણી અને વર્તન દ્વારા એને પ્રગટ થતો અટકાવવો. પણ સાથે સાથે એને અંદર પણ ન દબાવતાં, મોટા મોટા ઉચ્છ્વાસ કરીશ, વમન રૂપે બહાર કાઢી નાખવો.

બે ચાર મંત્ર જેવા કે,

૧. સંસાર અસાર છે.

૨. જે થઈ રહ્યું છે તે બરાબર જ થાય છે.

૩. બધું અહીનું અહીં જ મૂકીને જવાનું છે.

૪. થઈ થઈને શું થવાનું છે. શું બગડી જવાનું છે. વગેરે વગેરે મનમાં આવા મંત્રોનું સતત રટણ હોય તો ક્રોધ તો અટકી જ જશે. પણ આત્માની સ્થિતિ પણ થોડી ઉંચકાઈ જશે. સમ્યગ જ્ઞાન પ્રાપ્ત થશે, ને મોક્ષ તરફનું પ્રયાણ સરળતાથી થઈ શકશે.

**અલ્પ વસા**

# સાતમી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ
# સ્મરણાંજલિ



## સ્વ. ભારતીબેન કીર્તિભાઈ મહેતા

**સ્વર્ગારોહણ : તા. ૨૧-૪-૨૦૧૪ - (વડાલ હાલ : બોરીવલી)**

*સમય જિંદગીનો ઓછો હશે... ક્યાં ખબર હતી; વિદાય તમારી અણધારી થશે ક્યાં ખબર હતી*
*વિદાય પણ એવી કે વીસરાય નહીં.... જ્યાં કુદરત રૂઠી... કોને ફરિયાદ કરવી... ??*
*નાનીશી જિંદગી હતી પણ મોટી માયા લગાડી ગયા; થોડા, સમયમાં ઘણું આપી ગયા...*
*આપની અણધારી વિદાયને મહેતા પરિવાર અશ્રુભીની આંખે શ્રદ્ધાજલિ આપે છે,*
*અંજલિ આપતા હૈયું ફાટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે...*
*પરમાત્મા આપના દિવ્ય આત્માને શ્રી સીમંધર સ્વામીનું શરણ આપે એજ પ્રાર્થના...*

**સ્વ. શ્રી ભગવાનદાસ દામોદર મહેતા**
**સ્વ. લીલાવંતીબેન ભગવાનદાસ મહેતા**
**કીર્તિભાઈ–દેવાંગ-કિંજલ-પ્રીશા-અનિકા-કૃપાબેન-મિતુલકુમાર**
**ગીરીશભાઈ-હર્ષાબેન તથા પરિવાર**
**હરિશભાઈ-જાગૃતિબેન તથા પરિવાર**
**ભાવનાબેન-ભરતભાઈ તથા પરિવાર**
**માયાબેન-સંજયભાઈ તથા પરિવાર**

## -: મહેતા પરિવાર :-

KAYAMI / APRIL

શ્રી અજીતનાથાયા નમઃ

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મઃ
તા. ૨૩-૧૧-૧૯૩૦

સ્વર્ગવાસઃ
તા. ૨૬-૪-૨૦૧૮

વડાલ (સોરઠ) નિવાસી હાલ બોરીવલી

## સ્વ. ભગવાનદાસ દામોદર મહેતા

આપના વિચાર અમારા આદર્શ છે. આપની સ્મૃતિ અમારી મૂડી છે.
આપે ચિંધેલા માર્ગનું અનુકરણ અમારું લક્ષ્ય રહેશે.
આપના દિવ્ય આત્માને પ્રભુ શાશ્વત સુખ
અને પરમ શાંતિ બક્ષી મોક્ષગામી બનાવે
તેવી અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ સાથે પ્રાર્થના

સ્વ. લીલાવંતીબેન ભગવાનદાસ મહેતા
કીર્તિભાઈ - સ્વ. ભારતીબેન પરિવાર
ગીરીશભાઈ - હર્ષાબેન પરિવાર
હરીશભાઈ - જાગૃતિબેન પરિવાર
ભાવનાબેન ભરતભાઈ કોરડીયા પરિવાર
માયાબેન સંજયભાઈ મહેતા પરિવાર
કૃપાબેન મિતુલકુમાર વોરા પરિવાર
નેહાબેન બિરજુકુમાર મહેતા પરિવાર
તથા મહેતા પરિવાર

KAYAMI / APRIL

# દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



# સ્વ. અમીચંદભાઈ જીવનભાઈ વોરા

*જન્મ : તા. ૩૧-૧-૧૯૨૯* *સ્વર્ગવાસ : તા. ૨૧-૪-૨૦૧૧*

*"તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા;*
*સુગંધ જેની ચો-તરફ મૂકતા ગયા."*
*સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં,*
*જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં.*
*સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,*
*વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.*

આપના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ આપે તેમજ આપના આશીર્વાદ હંમેશ અમારી સાથે રહે તેવી અમારી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના...!!

**લિ. કંચનબેન અમીચંદભાઈ વોરા**
**સ્વ. સંજય અમીચંદભાઈ વોરા**
**સ્વ. પરેશ અમીચંદભાઈ વોરા**

**■ શ્રી જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર ■**

# થોકડાઓના આધારે પંચપરમેષ્ટિ વિષે વિશેષ માહિતી

**પાપસ્યૈવધં શાસ્ત્રં, શાસ્ત્રં પુણ્ય નિબન્ધનં।**
**ચક્ષુઃ સર્વગતં શાસ્ત્રં, શાસ્ત્રં સર્વાર્થ સાધનમ્।।**

શાસ્ત્ર એટલે કે આગમ પાપરોગનું શમન કરનારું ઔષધ છે. શાસ્ત્ર પુણ્યનું શ્રેષ્ઠ કારણ છે. શાસ્ત્ર સર્વ પદાર્થોનું, દર્શન કરાવનારા ચક્ષુ છે. શાસ્ત્ર સર્વ અર્થનું સાધન છે.

**શાસ્ત્રોક્તાચારકર્તા ચ, શાસ્ત્રજ્ઞઃ શાસ્ત્રદેશકઃ।**
**શાસ્ત્રૈકદગ્ મહોયોગી, પ્રાપ્નોતિ પરમં પદમ્।।**

અર્થાત્ આગમકથિત આચારનું આચરણ કરનારા, શાસ્ત્રના જ્ઞાતા, શાસ્ત્રના ઉપદેશક એક શાસ્ત્ર દૃષ્ટિએ જ જોનારા મહાયોગીઓ પરમ પદને પ્રાપ્ત કરે છે.

તીર્થંકર, કેવળજ્ઞાની, સર્વજ્ઞ, વિતરાગપ્રભુની મૌલિક વાણી આગમ કહેવાય છે. જે આત્મા તરફ ગમન કરાવે, જે આત્માનું જ્ઞાન કરાવે તે આગમ. આ આગમ આત્માને સન્માર્ગ બતાવી મોક્ષમાર્ગે આગળ વધવાની પ્રેરણા કરે છે. આગમો અર્ધમાગધી ભાષામાં રચાયેલા છે. આગમોમાં દરેક વિષયોનું સરળ, સમજણપૂર્વકનું વિવેચન કરાયું છે. આથી જ આગમને જ્ઞાનભંડાર કહી શકાય. આગમોમાં આ જ્ઞાન સીધેસીધું નથી આપ્યું. ક્યાંક તે ભગવાનની આજ્ઞારૂપે આપેલું છે તો ક્યાંક તે રૂઢિગત સંસ્કારોમાં રૂઢ થયેલું છે. ક્યાંક તે સિદ્ધાંતોના રૂપમાં સમાવિષ્ટ છે તો ક્યાંક તે ઉપદેશામૃત તરીકે આપેલું છે. આગમ એ આપ્તપુરૂષોએ રચેલ, ગણધર ભગવંતોએ ગુંથેલ અને મુનિભગવંતો દ્વારા સંશોધિત એવો કલ્યાણનો માર્ગ છે. જેને યોગ્ય રીતે અમલમાં મૂકવામાં આવે તો આત્મા અવશ્ય પરમાત્મા બની જાય. આગમનું દહન અને મંથન કરી આચાર્યોએ મેળવેલું અમૃત એટલે થોકડા. આ થોકડાઓમાં અનેક માહિતીઓ છુપાયેલી છે જેને શોધવાની મહેનત કરી આપણી સમક્ષ તૈયાર પીરસે છે આપણા ગુરૂભગવંતો. પંચપરમેષ્ટિ એટલે કે પાંચ પરમ ઈષ્ટ એવા પૂજ્યવરોની ગુણ-પૂજા જેમાં છે તે નવકારમંત્ર. આ પરમેષ્ટિ પદોને આપણે થોકડામાં છુપાયેલા તત્વને આધારે જોઈએ તો જૈન તત્ત્વદર્શનની પણ આપણને ઓળખાણ થશે.

જીવના મુખ્ય બે પ્રકાર છે. એક છે સિદ્ધ અને બીજો છે સંસારી. પંચપરમેષ્ટિના પાંચ પદમાંથી આપણે એ જોઈએ કે સિદ્ધ કેટલા? સંસારી કેટલા? જેમણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ આઠે કર્મોને ક્ષય કરી નાખ્યો છે, જેઓ નિર્મળ બની ગયા છે કર્મરહિત છે એવા આત્માને સિદ્ધ કહીશું. આ સિદ્ધ ભગવાન લોકાગ્રે સિદ્ધશીલા પર બિરાજે છે. પાંચ પદમાંથી સિદ્ધ એક બીજું પદ છે, નમો સિદ્ધાણં. કર્મ સહિતના જીવોને સંસારી કહેવાય છે કારણ કે સંસારમાં ભ્રમણનું કારણ અષ્ટ કર્મ જ છે. અરિહંત ભગવાનોએ ચાર ઘાતી કર્મ (મૂળ ગુણનો નાશ કરે તેવા)નો ક્ષય કર્યો છે. આથી બાકીના ચાર કર્મ છે તે પણ અમુક સમયમાં ક્ષય થશે ત્યારબાદ તેઓ પણ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બનશે પણ અત્યારે સંસારી છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-સાધ્વી આઠેય કર્મ સહિત હોવાથી તે ત્રણ પદ પણ સંસારી છે. આમ સિદ્ધ એક-સંસારી ચાર.

વળી આ પાંચ પદમાં દેવાધિદેવ, તીર્થંકર તરીકે ઓળખાતા અરિહંત અને સિદ્ધ એ બંને દેવ છે જ્યારે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-સાધ્વી ગુરુ કહેવાય છે. જેમણે સંસારની સઘળી ગ્રંથિઓ તોડી નાખી છે તે નિર્ણય ગુરુ.

હવે આ પાંચ પરમેષ્ટિમાં તીર્થની સ્થાપના કરનાર કોણ? જવાબ છે તીર્થંકર ભગવાન હવે આપણે જોઈએ કે તીર્થ એટલે શું? જે સંસાર-સાગરથી પાર ઊતારે તેને તીર્થ કહે છે. આ તીર્થ ચાર છે. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા. અરિહંત ભગવાન તીર્થની સ્થાપના કરતાં હોવાથી તેને તીર્થંકર કહીએ છીએ. દરેક તીર્થંકરને કેવળજ્ઞાન થયા પછી તેઓ ભવ્ય જીવોના કલ્યાણ માટે તીર્થની સ્થાપના કરે છે. અરિહંત ભગવાનતીર્થના સ્થાપક હોવાથી તીર્થમાં તેમનું સ્થાન નથી. સિદ્ધ ભગ. સંસારથી મુક્ત હોવાથી અતીર્થમાં ગણાય છે. આથી પ્રથમ બે પદ અતીર્થ જ્યારે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-સાધ્વી તીર્થમાં ગણાય.

આ પંચપરમેષ્ટિમાં સંઘનાયક કેટલા? તેનો જવાબ છે એક અને તે છે આચાર્ય ભગવંત. બીજી યોગ્યતા હોય તો પાંચ વરસની દીક્ષાપર્યાયવાળા આચાર્ય બની શકે છે. આચાર્ય જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યચાર આ પાંચ આચાર પોતે પાળે છે અને બીજાને પળાવે છે. તેઓ સંઘના નેતા છે. આચાર્ય માત્ર સાધુ બની શકે, સાધ્વીજી નહિ.

હવે આપણે એ જોઈએ કે આ પાંચ પદમાં ગુરૂ કેટલાને હોય? અરિહંત પ્રભુ જન્મથી મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન સાથે લઈને આવે. તેઓ સ્વયંબુદ્ધ હોય છે. તેમને કોઈના ઉપદેશની જરૂર પડે નહિ. બીજા સિદ્ધ ભગવાન સંસારથી મુક્ત હોવાથી તેમને પણ ગુરૂ ન હોય. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-સાધ્વી બુદ્ધબોધિત હોય છે અર્થાત્ ગુરૂના ઉપદેશથી તેઓ વૈરાગ્યને પામે છે આથી તેમને ગુરૂ હોય છે. આમ ત્રણ પદને ગુરૂ હોય. પ્રથમ બે પદને ગુરૂ ન હોય.

આ પાંચ પદમાં રજોહરણ (ઓઘો) કેટલાને હોય? અરિહંત ભગવાન તીર્થંકર હોવાથી તેમને રજોહરણ વગેરે દ્રવ્યલિંગ હોતા નથી. પોતે અપ્રમક્ષ હોવાથી, અવધિદર્શનના ધારક હોવાથી ઉપયોગપૂર્વક સૂક્ષ્મ અને ત્રસ જીવોની દયા પાળી શકે છે. સિદ્ધ ભગવાન તો અશરીરી રહેલા છે. તેમને શરીર જ ન હોવાથી, મોક્ષમાં બિરાજિત હોવાથી ધર્મસાધનો હોતાં નથી, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-સાધ્વીજી એ ત્રણે પદને કદાચ કેવળજ્ઞાન થઈ જાય તો પણ ધર્મનું લિંગ રજોહરણ અર્થાત્ ઓઘો વાપરે છે.

આમ આપણે પંચ પરમેષ્ટિ ભગવંતોને શું શું હોય છે તે વિસ્તૃત રીતે જોયું. જૈન તત્વદર્શન દ્વારા આપણે પંચપરમેષ્ટિ દેવનું સ્વરૂપ જોઈ રહ્યા છીએ. હજુ વધુ કેટલાક બોલ છે તે આપણે પછી વિગતવાર જોઈશું. આજે પ્રથમ બોલનો તફાવત જોઈશું.

**સિદ્ધ અને સંસારી જીવો વચ્ચેનો તફાવત :**

આપણે આગળ જોઈ ગયા કે જીવના બે પ્રકાર છે. પંચ પરસમેષ્ટિમાંથી માત્ર બીજાું પદ સિદ્ધના જીવ છે. જ્યારે પ્રથમ, તૃતીયા, ચતુર્થ અને પંચમ પદના નાયક સંસારી જીવો છે. સિદ્ધ અને સંસારી જીવો વચ્ચે શું તફાવત છે તે વિસ્તૃત રીતે જોઈએ.

### સિદ્ધના જીવો

૧) આઠ કર્મ જ્ઞાનાવરણીય આદિથી મુક્ત હોય છે
૨) સિદ્ધના જીવો અનંતા હોય છે આમ છતાં તેઓ સંસારી જીવ કરતાં અનંતમાં ભાગ જેટલા હોય છે.
૩) સિદ્ધ ક્ષેત્રમાં મુક્તિશીલા પર બિરાજે છે.
૪) તેમને શરીર, ઈન્દ્રિય, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ કશું જ હોતું નથી. આથી તેમને અરૂપી, અશરીરી, અણિન્દ્રિય કહે છે.
૫) જન્મ-મરણથી મુક્ત થઈ. અનંત અનંત આત્મિક સુખની લહેરમાં બિરાજી રહ્યા છે.
૬) સિદ્ધના જીવો અવિનાશી છે. તેમને હવે ત્યાંથી કશે જવાનું હોતું નથી.
૭) કેવળજ્ઞાન-કેવળદર્શન હોવાથી ઈન્દ્રિયની જરૂર નથી તેથી અણિન્દ્રિય કહેવાય છે.
૮) સિદ્ધગતિના જીવો કહેવાય છે.
૯) ગમનાગમન હોતું નથી.
૧૦) સમ્યગ્દૃષ્ટિ જ હોય છે.
૧૧) ૧૪મા ગુણસ્થાનક પછીની અવસ્થા છે.
૧૨) અવેદી, અલેશી, સમકિતી હોય.

### સંસારી જીવો

૧) ચાર કર્મ અઘાતી વેદનીય, આયુષ્ય, બાકીના ત્રણેય પદ આઠ કર્મસહિંત હોય. નામ અને ગોત્ર સહિત અરિહંત ભગવાન હોય.
૨) સંસારી જીવો સિદ્ધના જીવો કરતાં અનંત ગણા હોય છે.
૩) સંસારી જીવો આખા લોકમાં હોય છે.
૪) તેમને શરીર, ઈન્દ્રિય, રૂપ, રસ, ગંધ, સ્પર્શ બધુ જ હોય છે.
૫) જન્મ, જરા, મરણ, બધું જ હોય છે તેથી તેને લગતી વેદનાઓ પણ હોય જ છે.
૬) સંસારી જીવો વિનાશી છે. તેઓ કર્મને કારણે મનુષ્ય, દેવ, તિર્યંચ અને નરક એ ચાર ગતિમાં ભટકે છે.
૭) સંસારી જીવો એકથી પાંચ ઈન્દ્રિય (કાયા, જીભ, નાક, આંખ, કાન) ધરાવે છે.
૮) સંસારના-ચાર ગતિના જીવો કહેવાય છે.
૯) ગમનાગમન હોય છે.
૧૦) ત્રણમાંથી કોઈપણ દૃષ્ટિ હોઈ શકે.
૧૧) ૧ થી ૧૪ ગુણસ્થાનકમાં હોય.
૧૨) સલેશી અથવા અલેશી, વેદસહિત અથવા વેદ રહિત અને પાંચમાંથી કોઈપણ સમક્તિ હોય.

આમ જૈનદર્શનના મુખ્ય તત્વોમાંના બે જીવના પ્રકાર વિષે આપણે વિગતથી જાણ્યું, તે જાણ્યા બાદ જો આપણે પણ કર્મબંધનથી છૂટી મોક્ષગતિમાં સ્થાન મેળવવું હોય તો આપણે કઠિન પુરૂષાર્થ આદરવો જરૂરી છે. ચાલો આજથી જ, અત્યારથી જ એ માર્ગે જવાની તૈયારી શરૂ કરીએ.

**શ્રીમતી પારૂલબેન ભરતકુમાર ગાંધી**

# ભગવાન જ નહીં, લોકો પણ સારા માણસોની કદર નથી કરતા ત્યારે શું સારપ અભરાઈએ ચડાવી દેવી ?

**સવાલ :** આ દુનિયામાં જે લોકો સારા છે અને બીજાનું વિચારે છે તેમની સાથે જ ભગવાન અન્યાય કરે છે. આવું હું કંઈ એમ જ નથી કહેતો. મારા એક સંબંધી છે. તેઓ એટલા સારા અને માયાળુ છે કે મરતાને પણ મર ન કહે. આવા ભલા માણસને કેન્સર થયુ. તેમના સંતાનોએ પણ તેમની ખાસ સારવાર કરાવી જ નહીં. હવે તો ભલભલા લોકોનું કેન્સર પણ સારું થઈ જાય છે, પણ આ ભાઈને તો સારવાર જ ન મળી. આને ભગવાનનો દોષ કહેવો કે પેલા ભાઈનો? ભગવાન જ નહીં, લોકો પણ સારા માણસોની કદર નથી કરતા. સારી ભાવનાથી કામ કરવામાં જાત ઘસી નાખી હોય એમ છતાં લોકો સારા માણસોને જ ઠેબે ચડાવે છે. આવું કેમ થાય છે? શું સારાઈ મરી પરવારી છે કે પછી કોની સાથે સારા બનવું એ નક્કી કરવામાં આપણે થાપ ખાઈએ છીએ? બીજાને ધમકાવે, ડરાવે અને દાદાગીરી કરે તેમના કામ થઈ જાય છે અને તેને જે જોઈએ એ મળી પણ જાય છે. જે સ્વાર્થી થઈને માત્ર પોતાનું જ જુએ છે તેને પણ કર્મોનું ફળ ભોગવવું જ પડે છે, પરંતુ નિઃસ્વાર્થભાવે કરેલાં કામનું ફળ પણ હંમેશાં કંઈ સારું જ મળે એવું જરૂરી નથી. આ બધું જોઈએ તો તો એમ જ લાગે કે સારા થવામાં કઈ માલ નથી. આ દુનિયા આખી કપટી છે અને એમાં પોતાનું કામ કઢાવવા માટે સીધા લોકો નથી ચાલતા. બીજી તરફ એવો વિચાર પણ આવે છે કે આવું વિચારીને બધા જ લોકો સારપ અભરાઈએ ચડાવે છે અને એટલે જ આ પરિસ્થિતિ ઊભી થાય છે.

**જવાબ :** તમે એવું વિચારી રહ્યા છો કે જો સારા બની રહેવામાં કોઈ ખાસ ફાયદો ન હોય તો શા માટે કોઈએ સારા બનવું જોઈએ? બીજી તરફ તમારો માંહ્યલો તમને એમ પણ કહે છે કે બધા જ જો આવું વિચારતા થઈ જશે તો બધા જ સારાઈ છોડી દેશે અને સ્થિતિ હજીયે વધુ ખરાબ થશે. તમારી કશમકશનો ઉકેલ લાવવા માટે આપણે પહેલાં સારપ કોને કહેવાય એ સમજવું પડશે.

મને કહેશો કે સારા બનવું એટલે શું? મોટા ભાગે આપણે સારાઈનો મતલબ બીજાને ખરાબ ન લાગે એવું કરવું એવો કરીએ છીએ. દીકરાને એટલાં લાડકોડથી ઉછેરીએ છીએ કે તેને કદી કશાની કમી ન આવે દોસ્ત કે સહકર્મચારી ક્યાંક નબળો પડે તો આપણે જાત ઘસીનેય તેનું કામ કરી આપીએ, હંમેશાં બીજાની મદદે આવીએ તો સારા કહેવાઈએ. રાઈટ?

મને લાગે છે કે આપણી સારપની વ્યાખ્યામાં જ તકલીફ છે. જે લોકો બધાને સારું લગાડતા ફરે છે તેમણે હરહંમેશ બીજાને સાચવતા જ રહેવું પડે છે. ઈન ફેક્ટ, સારું નહીં, સાચું કહેવું અને સાચું કરવું એ મહત્ત્વનું છે. વાત આમાં સ્વાર્થીપણા કે નિઃસ્વાર્થતાની નથી. વાત એ છે કે હંમેશાં સારા બનીને બીજાની ગુડ બુકમાં રહેવાની કોશિશ વ્યર્થ છે. મોટા ભાગના લોકો બીજા પાસે સારા રહેવા મથતા હોય છે. એને બદલે જે તે સ્થિતિમાં જે જરૂરી હોય એ કરવું આવશ્યક છે.

જસ્ટ તમે જે મિત્રની વાત કરી કે કેન્સરમાં પણ તેમના દીકરાઓ તેમના પડખે ન ઊભા રહ્યા. કેમ એવું થયું? કદાચ તમારા 'સારા' મિત્રએ સંતાનોના કાન વીંધવાની જ્યારે જરૂર હતી ત્યારે પોતાની સારપ અને સાલસતામાં એ નહીં વીંધ્યા હોય. બાળકો છે, તેમને શું સમજ પડે એમ કહીને તેમની બેજવાબદારીઓને તેમણે જ પોષી હશે જે પાછલી વયે આ રીતે બહાર આવી.

**સેજલ પટેલ**

**(સાભારઃ મીડ ડે)**

# નવમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

## ★ માતૃદેવો ભવઃ ★



# હંસાબેન ધનસુખલાલ વસા

*મૂળ વતન : વંથલી (સોરઠ) હાલઃ વસઈ*

જન્મ : ૧૬-૨-૧૯૪૬ સ્વર્ગવાસ : ૧૬-૪-૨૦૧૨

અમારા જીવનજ્યોતિ, અમારા કુટુંબની ઉદ્ધારક, તું હતી તો ઘર ખરેખર ઘર હતું,
આંગણે એક મીઠું સરોવર હતું. ફાયદો-નુકસાનનો હિસાબ શાનો ! તારું બસ હોવાપણું સરભર હતું.

*''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા, સુગંધ જેની ચૌતરફ મૂકતા ગયા.''*

આપના પુણ્યાત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ અર્પે
તેમ જ આપના શુભ આશીર્વાદ અમારી સાથે રહે
તેવી અમારી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના ! !

**સ્વ. ધનસુખલાલ પ્રભુદાસ વસા**
**રોહિત - અમીત**
**શ્રી જગજીવનદાસ અભેચંદ ધોળકીયા (માખીયાળા)પરિવાર**

એ-૧૦૬, શ્રુતિ સી-૬, દિવાન હાઉસીંગ એન્કલેવ, એવરસાઈન સીટી,
વસઈ (ઈસ્ટ), ૪૦૧ ૨૦૮ મો. ૯૨૨૧૨૩૨૩૭૦
email-rohit_vasa@hotmail.com

# ઘૂંટણનો દુખાવો KNEE PAIN એક જટીલ સમસ્યા અને એના સરળ ઉપાયો

**Consultant Orthopaedic & Joint Replacement Surgeon**

ઘૂંટણનો દુખાવો આજના સમયમાં એક જટીલ સમસ્યા બની થઈ છે. લગભગ બધાને ઘૂંટણના દુખાવાની સમસ્યા પીડાવી રહી છે. બાળક હોય કે વયોવૃદ્ધ કોઈપણ આનાથી બચી શક્યું નથી. ડાયાબિટિસ અને હાઈ બીપીની જેમ ઘૂંટણનો દુખાવો આજીવન સતાવે છે. નાનપણમાં માર લાગવાથી અથવા પડવાથી લઈને મોટી ઉંમરે ઘૂંટણના ઘસારાથી દુખાવો થાય છે.

ઘૂંટણનો ઘસારો લગભગ ૪૫ વર્ષ પછી ખાસ કરીને મહિલામાં વધારે જોવા મળે છે. ઘૂંટણનો ઘસારો **(Arthritis)** એક **Life Style** રોગ કહેવાયછે.

ઘસારા વધવાના ઘણા બધા કારણ હોય છે. એમાંથી સૌથી મુખ્ય કારણ Stress હોય છે. અધિક વજન હોવું **(Obesity)** હાડકાંની નબળાઈ **(Osteoporosis)** ખાવાપીવામાં અસંતુલન **(High Fat Diet),** ખાવાપીવામાં અસંતુલન **(High Fat Diet),** ઓછી કસરત કરવી **(Lack & Exercise),** બેઠાડું જીવન **(Sedentary Life Style).**

બીજા અન્ય કારણો જેમ કે કેન્સર અને કેન્સરની દવાઓ લેવાથી ઘૂંટણના ઘસારા વધતા હોય છે. ભારતીય પરંપરા જેમ કે ઘૂંટણવાળીને જમીન પર બેસવું અને **Indian Torlet Toilet use** કરવાથી ઘૂંટણના ઘસારા વધે છે.

શરીરમાં સંધવાત, આમવાત, ગઠ્યોવાત, હાડકાંમાં કેલ્સિયમ વિટામીન **D** અને ખનિજોની કમીથી પણ ઘસારો વધે છે.

આ બધી જટીલ સમસ્યાના ઘણા સરળ ઉપાય છે જે આપણે રોજબરોજની જિંદગીમાં વાપરવામાં આવે તો એનું નિવારણ આવી શકે છે અને ઘસારાનો દુખાવો ઓછો થઈ શકે છે.

**ઉપાયો :**

૧. **High Calcium Diet :** દૂધ, પનીર, તાજુ મેળવેલું દહીં, ફળો, ભાજીઓ, ડ્રાયફ્રૂટ, બદામ, કાજુ, અખરોટ આ બધુ રોજિંદા આહારમાં લેવાથી શરીરમાં **Calcium** વધે છે.

૨. રોજ સવારે સૂર્યકિરણ લેવાથી શરીરમાં વિટામીન **D** વધે છે.

૩. કસરત **(Excercise) Walking, Cycling, Swimming** અને **Weight Trannning Excercise**થી હાડકાં અને સ્નાયુ મજબૂત બને છે અને ઘસારો ઓછો થાય છે.

૪. **Indian Toilet** અને નીચે જમીન પર બેસવાનું બંધ કરવાથી ઘસારો ઓછો થશે.

૫. **Medicine - Caleciam, Vitamin D Multi Vitamin**ની ગોળી લેવાથી હાડકાં મજબૂત થાય છે. જેમને સંધિવાત આમવાત અને ગઠયોવાતની સમસ્યા હોય તો એમને આ રોગનો ઈલાજ ત્વરિત કરવાથી ઘસારો ઓછો થાય છે. તેમને ડોક્ટરની સલાહ મુજબ વાતની દવા શરૂ કરવાથી જલ્દી આરામ મળે છે.

૬. **ઈન્જેકશન :** અમુક **Stemcell, PRP** અને અમુક દવાઓના ઈન્જેકશન આવે છે જે અમુક દરદીઓને દેવામાં આવે છે. તમે તમારા ડોક્ટર પાસે આની જાણકારી વધારે મેળવી શકો છો.

૭. **Knee Replacement Surgery :** ખૂબ જ ઘસારો વધી ગયો હોય અને ઉપરના બધા જ ઉપાયો નિષ્ફળ ગયા હોય તો **Knee Replacement Surgery** કરવી પડે છે. આ જ એક અંતિમ ઉપાય છે. જે તમને ઘસારાથી કાયમ ઈલાજ આપે છે. આજકાલ **knee Replacement** બહુ જ સરળ અને Safe થઈ ગયું છે. નવા ઘૂંટણના સાંધા ૨૦થી ૩૦ વર્ષ આરામથી ચાલે છે. નવી ટેક્નોલોજીથી **Knee Replacement Surgery** આજકાલ થાય છે, જેનાથી દુખાવો ઓછો થાય છે અને દરદી બીજા દિવસથી ચાલવા માંડે છે. **Operation** કર્યા પછી **Excercise** ખૂબ મોટો ભાગ ભજવે છે અને વજન ઓછું કરવાથી ઘૂંટણનો સાંધો લાંબો ચાલે છે. **Operation**ના ત્રીજા કે ચોથા દિવસે દરદીને ઘરે મોકલી દેવામાં આવે છે અને બધા જ દરદી મહિનાથી દોઢ મહિનામાં Normal Life જીવી શકે છે.

**Knee Replacement Surgery** માટે માહિતી મેળવી હોય તો તમારા **Operapeadic Surgean**નો સંપર્ક કરવો.

**– સાભાર કપોળમાંથી**

# શ્રદ્ધાંજલિ

**જન્મ :** તા. ૬.૪.૧૯૬૨



**સ્વર્ગવાસ :** તા. ૨૧.૩.૨૦૨૧

## સ્વ. કમલેશ રતિલાલ પારેખ

સરદારગઢ નિવાસી હાલ નાલાસોપારા, શ્રી કમલેશ રતિલાલ પારેખ, ૫૯ વર્ષની ઉંમરે તા. ૨૧.૩.૨૦૨૧ને ફાગણ સુદી સાતમને રવિવારના રોજ નવકાર મંત્રનું સ્મરણ કરતા અરિહંત શરણ પામ્યા તે બદલ શ્રી સરદારગઢ નિવાસી સમગ્ર પારેખ પરિવાર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરે છે.

**દૃષ્ટિમાં હજુયે રમે છે. તમારો હસતો ચહેરો,**
**આપનો માયાળુ સ્વભાવ, આપના જીવનની સાદાઈ.**
**સેવા સમર્પણની સુગંધ હંમેશા મહેકતી રહેશે.**
**સુખ-દુઃખમાં સદાય હસતા રહ્યા તમે, સૌના હૃદયમાં વસતા રહ્યા તમે.**
**અણધાર્યા છોડી ગયા જીવન છતાં, જીવંત હોવાનો ભાસ છે.**
**દર્શન નથી તમારા દેહના પણ હૃદયમાં તમારો વાસ છે.**

**શાંતિ શાંતિ શાંતિ**

પરમકૃપાળુ અરિહંત પરમાત્મા સદ્‌ગત્ પુણ્યાત્માને આપના શરણમાં લઈ શાશ્વત સુખ અને પરમ શાંતિ અર્પે એવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીએ અને આપના સમગ્ર પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ જિનેશ્વર પ્રભુ આપે. આપના પરિવારની આ દુઃખદ પળોમાં આ મંડળનો સમગ્ર પરિવાર આપનો સહભાગી છે.

**શ્રી સરદારગઢ નિવાસી પારેખ ટ્રસ્ટી ગણ, મુંબઈ**

**શ્રી ધીરેન્દ્રભાઈ ન્યાલચંદ પારેખ**
**શ્રી પરેશ વનીચંદ પારેખ**
**શ્રી ચંદ્રકાન્ત ન્યાલચંદ પારેખ**
**શ્રી અજય કાન્તિલાલ પારેખ**
**શ્રી ગીરીશ કાન્તિલાલ પારેખ**
**ક્ષી અશોક તારાચંદ પારેખ**
**શ્રી વિરલ પ્રવિણચંદ્ર પારેખ**

## સૌજન્ય સરદારગઢ નિવાસી પારેખ પરિવાર

# આયંબિલ તપની મહત્તા

**આપત્તિ નિવારક આયંબિલ તપ... ઘરે ઘરે આયંબિલ કરવાની અણુમોલ તક**

દ્વારકા નગરીને નષ્ટ કરવા માટે દ્વૈપાયન ઋષિ તૈયાર થયા... ત્યારે નેમિનાથ ભગવાનના કહેવાથી કૃષ્ણ મહારાજાએ ઘરે ઘરે આયંબિલનો તપ કરાવ્યો. જ્યાં સુધી આ તપ ચાલુ રહ્યો ત્યાં સુધી આ તપના પ્રભાવથી દ્વારકા નગરીને બાળી શકાઈ નહીં... બાર વર્ષ પછી લોકોએ આયંબિલ છોડી દીધા અને દ્વારકા નગરી બળી ગઈ.

**વર્તમાનની મહામારી**

અત્યારે કોરોના મહામારી પણ બહુ જ ભયંકર રીતે પ્રસરી રહી છે... દિવસે-દિવસે એનો વ્યાપ વધતો જાય છે. એના નિવારણનો માર્ગ હજુ મળતો નથી. માટે ભાવ ઉપચાર સ્વરૂપે આયંબિલ તપની આરાધના કરવી જોઈએ.

**આયંબિલ ખાતા બંધ હોય ત્યારે**

સામાન્ય રીતે નવપદની ઓળી દરમ્યાન ભારતભરમાં હજારોની સંખ્યામાં આયંબિલ થતાં હોય છે. તીર્થસ્થળે પણ સામુદાયિક ઓળીની આરાધના થતી હોય છે... પણ અત્યારે સામુહીક ઓળી મુલત્વી રખાઈ છે અને મોટા ભાગના સંઘોમાં આયંબિલ ખાતા પણ બંધ થઈ ગયાં છે.

**આયંબિલ ખાતા વગર આયંબિલ કેવી રીતે કરવા?**

આવો વિચાર કરશો નહિ... ઘરે આયંબિલ કરો.

**ઘરના રસોડે આયંબિલ કરવાથી થતાં અનેક લાભો**

આયંબિલ તો આયંબિલ ખાતામાં જ થાય એવી ગેરસમજ હોય તો દૂર થાય છે.

ઘરે આયંબિલ કરવાથી ઋષભદેવ પ્રભુએ તેમના ગ્રહસ્થપણામાં બતાવેલ રસોઈનો (ખાસ કરીને આયંબિલની રસોઈનો) વારસો આપણી દિકરીઓ અને વહુઓને આપી શકાશે અને તેના દ્વારા આવનારા હજારો વરસો સુધી આયંબિલ જેવા ઉત્તમ તપની પરંપરાને શુદ્ધ સ્વરૂપે આગળ વધારવાનો લાભ મળશે.

ઘરે ઓછા દ્રવ્યથી આયંબિલ કરવાનું આવે એટલે અણસન નામના તપની સાથે રસત્યાગ (સ્વાદ ત્યાગ) તપનો લાભ મળવો શક્ય બને.

આહાર સંજ્ઞા તોડવાનો તપનો હેતુ જીવંત રહે.

સાથે વૃત્તિ સંક્ષેપ (મર્યાદિત દ્રવ્યનો વપરાશ) તપનો લાભ મળે.

સૌથી મોટો લાભ કે પૂજ્ય સાધુ ભગવંત અને પૂજ્ય સાધ્વીજી ભગવંતની નિર્દોષ ગોચરી અને ઉકાળેલું પાણી બંનેનો લાભ શક્ય બને.

અવસરે આયંબિલના આરાધકની સાધર્મિક ભક્તિનો પણ વિશિષ્ટ લાભ મળી શકે.

સ્વદ્રવ્યથી અને સ્વ નિર્ભરથી ગુપ્ત પણે તપ કરવાનો લાભ મળે.

જયણા નામનો ધર્મ વિશેષ પ્રકારે સાચવી શકાય છે.

ભક્ષ્યાભક્ષ્યની મર્યાદાનું પણ ચુસ્તપણે પાલન કરી શકાય છે.

ત્રણ ઉભરાવાળું ઉકાળેલું પાણી ઘરે બનવાની શક્યતા વધુ છે.

આયંબિલના ઢોકળા, ચણા, પુડલા કે પાપડના લોયાં ખાવાને બહાને ઘરમાં છોકરાઓને અને બીજા સભ્યોને આયંબિલની ટેવ પડે.

ખાસ કરીને મહામારીના ડરને કારણે ભારતભરમાં સાવ ખોરવાઈ પડેલી આયંબિલની સામૂહિક વ્યવસ્થાને સ્વયંભૂ સહકાર મળે.

ઉણોદરી તપ (ભૂખ કરતાં ઓછું વાપરવું) લાભ વિશેષ શક્ય બને.

બહેનોને જાતે રસોઈ બનાવીને તપ કરવાનો હોઈ ભેગો ભેગો કાય ક્લેશ તપનો પણ લાભ મળે.

આયંબિલની રસોઈ કરવાની ટેવ ભુલાઈ ગઈ હોય તો તાજી થાય... માતા વગેરે પરિવાર જનોના હાથની રસોઈના દ્રવ્ય ઓછાં હોય તો પણ એની મહત્તા અલગ જ રહેવાની.

આયંબિલની રસોઈની સૂગ કે અણગમો દૂર થાય.

ગુપ્ત પણે તપ કરવાની ભાવના શક્ય બને.

સાત ક્ષેત્રની બીજી ઘણી જવાબદારીમાં શ્રી સંઘમાં હોદ્દેદારો વધારે ધ્યાન આપી શકે. (ભંડોળની જરૂર ને કારણે દર વર્ષે ટીપ કરવી પડે. કાયમી સ્ટાફની ગુલામી પણ કરવી પડે. તોટો આવે તો સાધારણ ખાતામાંથી પણ પૂરો કરવો પડે. વગેરેમાં ઘટાડો થઈ શકે.

આયંબિલ ખાતાની ગોચરી ન વહોરવાની ભાવનાવાળા મહાત્માને પણ નિર્દોષ ગોચરી વહોરાવવાનો વિશેષ અવસર મળવાની શક્યતા વધી જાય.

આ નિમિત્તે પણ ઘરે પૂજ્યોના પગલાં થાય.

ગુરૂ વંદન વખતે કરેલી ભાત પાણીનો લાભ દેશોજીની વિનંતિ પણ સાર્થક બને.

આયંબિલ છોડશો નહી. ઓળી છોડશો નહી. નવપદની ઓળી કરો. ઘરે જ રસોઈ બનાવીને મન મક્કમ કરી આયંબિલ અવશ્ય કરવું.

## શ્રી નવપદ (તપ) ઓળી આરાધના

શ્રી નવપદ (ઓળી)ની આરાધના (તિથિ વધઘટ ના હોય તો) આસો કે ચૈત્ર સુદ ૭ થી કરી સુદ ૧૫ સુધી કુલ નવ નવ દિવસ સુધી આયંબિલ કરવા. એમ સાડા ચાર વર્ષે કુલ નવ સમયે તપશ્ચર્યા પૂર્ણ થાય.

દરરોજ પ્રતિક્રમણ (સવાર-સાંજ), પડિલેહણ (સવાર-સાંજ) કરવા. જે પદની આરાધના હોય એના ગુણની સંખ્યા પ્રમાણે લોગસ્સ કાઉસગ્ગ, સાથિયા, પ્રદક્ષિણા અને ખમાસમણ કરવા. સવારના અને બપોરના આઠ થોય વાળું દેવવંદન. દરરોજ શ્રી સિદ્ધચક્ર વાસક્ષેપ પૂજા, સ્નાત્ર અને અધ્યયન કરવું. આયંબિલ કર્યા પછી તિવિહાર પચ્ચક્ખાણ કરી પછી ચૈત્યવંદન કર્યા પછી પાણી વાપરી શકાય. (ઠામ ચોવિહાર પચ્ચક્ખાણ કર્યું હોય તો ચૈત્યવંદન આવશ્યક નથી.) આરતી મંગલદીવો પછી એક પ્રહર બાદ સંથારા પોરિસિ અને સંથારો કરવો. ચૈત્યવંદન-થોયો-સ્તવન નવપદનાં જ બોલવા.

## અનુક્રમે નવ દિવસ નવપદ આરાધના કોઠો

| આરાધના પદનું નામ | પદના ગુણની સંખ્યા પ્રમાણે ખમા-સાથિયા કાઉસગ્ગ - પ્રદક્ષિણા | દરરોજ ૨૦ નવકાસવાળીમાં મંત્ર | વર્ણ પ્રમાણે સાથિયા |
|---|---|---|---|
| અરિહંત પદ | ૧૨ | ૐ હ્રીં નમો અરિહંતાણં | શ્વેત-ચોખા |
| સિદ્ધિ પદ | ૮ | ૐ હ્રીં નમો સિદ્ધાણં | લાલ-ઘઉ |
| આચાર્ય પદ | ૩૬ | ૐ હ્રીં નમો આયરિયાણં | પીળા-ચણાની દાળ |
| ઉપાધ્યાય પદ | ૨૫ | ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં | લીલો-મગ |
| મુનિ પદ | ૨૭ | ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં | કાળો-અડદ |
| દર્શન પદ | ૬૭ | ૐ હ્રીં નમો દંસણસ્સ | શ્વેત-ચોખા |
| જ્ઞાન પદ | ૫૧ | ૐ હ્રીં નમો નાણસ્સ | શ્વેત-ચોખા |
| ચારિત્ર પદ | ૭૦ | ૐ હ્રીં નમો ચારિત્તસ્સ | શ્વેત-ચોખા |
| તપ પદ | ૫૦ | ૐ હ્રીં નમો તવસ્સ | શ્વેત-ચોખા |

## નવ દિવસ જુદા જુદા ખમાસમણ સમયે બોલવાના દૂહા

૧) અરિહંત પદ : અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે...
વીર જ જિણેસર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમધ્યાને-આત્મા, રિદ્ધિ મલે સવિ આઈ રે

૨) સિદ્ધિ પદ : રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણ નાણી રે
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણ ખાણી રે... વીર

૩) આચાર્ય પદ : ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભધ્યાની રે
પંચ પ્રસ્થાને આતમા, આચાયજ હોય પ્રાણી રે... વીર

૪) ઉપાધ્યાય પદ : તપ સજઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે
ઉપાધ્યાય તે આતમા, જગ બંધવ જગ ભ્રાતા રે... વીર

૫) મુનિ પદ : અપ્રમત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે ર
સાધુ સુધા તે આતમા, શું મુંડે? શું લોચે રે... વીર

૬) દર્શન પદ : શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે,
દર્શન તેહી જ આતમા, શું હોય નામ ધરાવે રે... વીર

૭) જ્ઞાન પદ : જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે
તો હુએ એહિ જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે... વીર

૮) ચારિત્ર પદ : જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે
લેશ્યા શુદ્ધ અલંકર્યા, મોહ વને નવિ ભમતો રે... વીર

૯) તપ પદ : ઈચ્છા રોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે
તપ તે એહિ જ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે... વીર

## પ્રાચીન પરંપરા મુજબ ઉકાળેલું પાણી જ પીવું અતિ યોગ્ય

વિટામિન બી-૧૨ ફક્ત પ્રીણીજન્ય ખોરાકમાંથી મળી રહે છે જ્યારે ફળો શાકભાજીમાં તેનું પ્રમાણ નહિવત હોય છે. જેથી વેજિટેરિયન વ્યક્તિઓએ ખાસ પ્રમાણમાં અન્ય પ્રાણીજન્ય ખોરાક જેમ કે દહી, છાશ, પનીર તથા ચીઝનો ઉપયોગ વધુ કરવો જોઈએ. આર.ઓ. આધારિત વોટર ફિલ્ટરનાં સ્થાને અન્ય સિસ્ટમનાં જેવા કે U.V. Rays, Ultrafiltrationનો ઉપયોગ કરવો જોઈએ અથવા ફક્ત ગરણીથી ગાળીને ઉકાળેલું પાણી જ પીવામાં આવે તો તેમાં વિટામિન બી-૧૨નું પ્રમાણ જળવાઈ રહે છે. આમ પ્રાચીન પરંપરાને જ અનુસરવામાં આવે તો આ રોગથી બચી શકાય છે.

# શ્રદ્ધાંજલિ

જન્મ :
તા. ૪-૭-૧૯૪૭



સ્વર્ગવાસ :
તા. ૧૧-૪-૨૦૨૧

## ડૉ. હસમુખભાઈ ચુનીલાલ મહેતા

ઉપલેટા નિવાસી હાલ બોરીવલી સ્વ. ચુનીલાલ મેઘજીભાઈ મહેતાના સુપુત્ર શ્રી હસમુખભાઈ ચુનીલાલ મહેતા (ઉં.વ. ૭૪) અરિહંત શરણ પામેલ છે.

**છોડી સ્વજનોનો સાથ, તમો જઈ વસ્યા પ્રભુને પાસ**
**જીવન એવું જીવ્યા કે જોનાર જોતા રહે**
**કર્મો એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે,**
**દુઃખથી કદી ડર્યા નહી, સુખથી કદી છલકાય નહીં,**
**વહેવાર કદી ચૂક્યા નહીં, ધર્મ કદી ભુલ્યા નહીં,**

પરમકૃપાળુ અરિહંત પરમાત્મા સદ્ગત્ પુણ્યાત્માને આપના શરણમાં લઈ શાશ્વત સુખ અને પરમ શાંતિ અર્પે એવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીએ અને આપના સમગ્ર પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ જિનેશ્વર પ્રભુ આપે.

**સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈ કમિટી ના પ્રમુખ અને દરેક કમિટીના સભ્યો**
**બોરીવલી વિશાશ્રીમાળી જૈન સમાજ કમિટીના પ્રમુખ અને દરેક કમિટીના સભ્યો**
**તથા સમસ્ત સોરઠ વિશાશ્રીમાળી મંડળના પ્રમુખ-કમિટી સભ્યો તરફથી**
**આપને સીમંધર સ્વામીનું શરણ મળે એવી જ પ્રાર્થના**

# ભાવભીની સ્મૃતિ વંદના



## સ્વ. હર્ષદ કાન્તીલાલ વોરા (જુનીયર કે. લાલ)

મહાન પિતાની કીર્તિ વધારનાર, અને પરિવારની સદા સંભાળ લેનાર
નમ્રતા, સૌજન્ય અને ઉદાર દિલ, અમારા સહુના લાડકવાયા ભાઈ
તમારો સદાય હસતો ચહેરો ભૂલાય નહીં
તમે કદી સ્વર્ગસ્થ નથી, સદાકાળ અમારા હૃદયસ્થ છો.

લિ.
**તમારી લાડકવાયી બહેનો**


પ્રિતિ નરેન્દ્ર વસા
વર્ષા દિપક કાપડિયા
લ્યુસી મયૂર શાહ

સોનલ હિમાંશુ શાહ
ભાવના ધીરેન શાહ
શર્મી મનીશ આચાર્ય

ફાલ્ગુની પ્રિનેશ ભિમાણી

ગતાંકથી ચાલુ

# ઉત્તમ સંકલ્પ



આચાર્ય વિજય રાજહંસૂરિશ્વરજી

આ ગર્ભસંસ્કરણ પ્રક્રિયામાં સંકલ્પ એ પ્રથમ ચરણ છે. તમે જેવો સંકલ્પ કરશો કે તમારો સંકલ્પ જેટલો દૃઢ હશે તેવું જ તમારું બાળક થશે. એટલું યાદ રાખશો કે

બાળકનો જન્મ અને ચારિત્ર્યનિર્માણનો પ્રારંભ ગર્ભાધાન સમયે નહીં પણ માતા-પિતાના સંકલ્પ સમયે થાય છે.

દા.ત. ઉત્તમ મકાન બનાવવા માટે પહેલા સરસ નકશો તૈયાર કરવો પડે છે. અને પછી નકશા પ્રમાણે ઉત્તમ માટી, ચૂનો કે પથ્થરનો વિચાર કરવામાં આવે છે. તેમ પહેલા કેવું બાળક જોઈએ છે. તેના રૂપ ગુણ વગેરેનો નકશો તૈયાર કરી આગળ વધવું જોઈએ.

મનની શક્તિ અખૂટ છે. તેના દ્વારા તમે જે ધારો તે કરી શકો તેમ છો, તમારે નક્કી કરવું પડશે કે તમને કેવું બાળક જોઈએ છે. બુદ્ધિશાળી જોઈએ છે કે બુદ્ધિજીવી જોઈએ છે, રૂપવાન જોઈએ છે કે ગુણવાન જોઈએ છે, સુશિક્ષિત જોઈએ છે કે સંસ્કારી જોઈએ છે, ધનવાન જોઈએ છે કે ધર્મવાન જોઈએ છે. તમે આ બધી વાતો પર ઊંડા વિચાર કરી તે વિચારોને કાગળ પર લખી મૂર્ત સ્વરૂપ આપો. આનાથી તમારો સંકલ્પ અધિક દૃઢ થશે. એક વસ્તુ ધ્યાનમાં રાખજો શરીરને તમારૂ મન નિયંત્રિત કરે છે. જેવું તમારૂ મન હશે, જેવો તમારો મનમાં સંકલ્પ હશે તેવા જ બીજ ઉત્પન્ન થશે, તેવા જ બીજમાંથી તેવા જ સંતાન ઉત્પન્ન થશે. શારીરિક અવસ્થા પણ તેવી જ થશે (નિરોગી અથવા રોગી અવસ્થા) અને તેની અસર બાળકના પોષણ ઉપર થશે અને ગર્ભાવસ્થામાં અપાતા જ્ઞાન ઉપર તેની દૃઢ અસર થશે.

હવે સંકલ્પ કેવી રીતે કરશો તેની થોડીક માહિતી આપશું. નીચે કેટલાક પ્રશ્નો લખ્યા છે તેના ઉત્તર દરેક દંપતિએ લખવા આ સિવાય પણ જે ઉત્તમ વિચારો આવતા હોય તો તે પણ લખવા.

૧) મારે કેવું બાળક જોઈએ છે ?
૨) મારા બાળકનું શરીર કેવું હોવું જોઈએ ?
૩) મારા બાળકનું આરોગ્ય કેવું હોવું જોઈએ ?
૪) મારા બાળકનું મન કેવું હોવું જોઈએ ?
૫) મારા બાળકના ગુણો કેવા હોવા જોઈએ ?
૬) મારા બાળકનું હૃદય કેવું હોવું જોઈએ ?
૭) મારા બાળકનો સ્વભાવ કેવો હોવો જોઈએ ?
૮) મારે કેવા પિતા બનવું અને મારે કેવી માતા બનવું ? (સ્વભાવમાં)
૯) કૌટુંબિક વાતાવરણ કેવું રાખશો ? (આનંદિત, પ્રફુલ્લિત વિ.)
૧૦) હું મારા બાળકને ગર્ભમાં કેવું શિક્ષણ આપીશ ?
૧૧) હું મારા બાળકને કેવા સંસ્કાર આપીશ ?
૧૨) કોઈ એક વ્યક્તિત્વને ધ્યાનમાં રાખી તેના જેવા રૂપ, રંગ અને ગુણનો વિચાર કરવો.
૧૩) અલગ અલગ ગુણ માટે અલગ અલગ વ્યક્તિ પણ ધારી શકાય.

તમારા બાળકનું સ્વરૂપ માનસિક વિચારો કેવા હોવા જોઈએ તેનું એક ચિત્રણ મનમાં કરી અને તેને કાગળ પર લખી મૂર્ત સ્વરૂપ આપો.

આ બધું ગર્ભધારણા પહેલાથી જ એટલે ત્રણેક મહિના પહેલાથી જ કરવું. ઓછામાં ઓછું ત્રણ મહિના બ્રહ્મચર્ય પાળવું અનિવાર્ય છે અને તે પણ શારીરિક, માનસિક અને વૈચારિક રીતે. સારું ફળ જોઈતું હોય તો છ મહિના અને શ્રેષ્ઠ ફળ જોઈતું હોય તો બાર મહિના મન-વચન-કાયાથી બ્રહ્મચર્ય પાળવું.

# ઉત્તમ શુદ્ધિ

**(૧) ઈચ્છાઓનું શુદ્ધિકરણ :**

તમારી ઇચ્છાઓને યોગ્ય વળાંક આપવો અને જુઓ કે તમારી ઇચ્છાઓને કારણે કોઈ બીજાને ગેરલાભ કે નુકસાન તો નથી થતું ને ? કારણકે જે ઇચ્છા માતાની હોય તે જ ઇચ્છા બાળકની ગર્ભમાં હોય છે. રાજાના દર્શનની ઇચ્છા થાય તો રાજા જેવા, મંદિરમાં પ્રભુના દર્શનની ઇચ્છા થાય તો દેવપુત્ર પ્રાપ્ત થાય છે, પણ આવી સારી ઇચ્છાઓનું શુદ્ધિકરણ ગર્ભધારણ પૂર્વે થવું આવશ્યક છે. સ્વાર્થની ઇચ્છા એ મલિન ઇચ્છા છે અને પરમાર્થની ઇચ્છા એ શુભ ઇચ્છા છે.

**(૨) આશયોનું શુદ્ધિકરણ :**

તમારા હેતુઓ સુસ્પષ્ય હોવા જોઇએ. આંતરિક શાંતિ મેળવવા માટે ક્યારેય સ્વલક્ષી આશય ન રાખવા. વિશ્વનું કલ્યાણ કરનાર યુગ

પ્રધાન જીવનું અવતરણ કરાવવું એ જ તમારો એકમાત્ર હેતુ હોવો જોઇએ.

**(૩) વૈચારિક શુદ્ધિ :**

સારી સત્ય વાણી બોલવી, સારા વિચારો કરવા, હકારાત્મક અભિગમ રાખવો. બધા જ પ્રત્યે પ્રેમભાવ રાખવો, આદર ભાવ રાખવો. આ કરવાથી તમે અવશ્ય આંતરિક સંવાદ સાધી શકશો.

તેની સાથે સાથે સત્સંગ, સદ્‌વાંચન, સત્‌શ્રવણ, સારા દ્રશ્યો-સારા ચિત્રો જોવા. સજ્જન અને હકારાત્મક અભિગમવાળી વ્યક્તિઓને જ મળવું. આનાથી તમારી માનસિક અને વૈચારિક શુદ્ધિ અવશ્ય થાય છે.

## ધ્યાન

ગર્ભધારણાના ૩ મહિના પહેલાથી મનને ધ્યાન કરવા માટે તૈયાર કરો. ધ્યાનથી મન શાંત થાય છે. સકારાત્મક વિચારોનો ઉદય થાય છે. વિવિધ શંકાઓ ચિંતા, નકારાત્મક વિચાર વિગેરે પર બ્રેક લાગે છે. મન શુદ્ધ અને શાંત બને છે. ધ્યાન માટે એકાંતવાળી જગ્યા પસંદ કરવી. ઘરનો એક નાનકડો રૂમ કે નાનકડો ખૂણો પણ આ માટે પૂરતો છે. એક સ્વચ્છ આસન પાથરી તેના પર બેસવું. મનના સર્વ વ્યર્થ વિચારો કાઢી મનને, આપણી બે ભ્રમરોની વચ્ચે સ્થિર કરવું. ધ્યાન માટે બ્રાહ્મમૂહૂર્ત એ યોગ્ય સમય છે. દરરોજ પંદર મિનિટ આવા અભ્યાસથી મનને એક દિશા મળે છે. વ્યર્થ વિચાર શાંત થાય છે. મન શાંત થાય છે અને શાંત મનથી કરેલ કોઈપણ સંકલ્પ તરતજ પૂર્ણ થાય છે. જેમની માટે આ શક્ય નથી તેમણે પોતાને ગમતા ઈષ્ટદેવની મૂર્તિ કે ફોટો પોતાની સામે રાખી તેના પર મન સ્થિર કરવું અને ઇષ્ટમંત્રનો જાપ કરવો.

## પ્રાણાયામ અને આસનો

ગર્ભધારણાના ઓછામાં ઓછા ત્રણ મહિના પહેલાથી પતિ-પત્ની બંનેએ પ્રાણાયામ અને આસનો કરવા જોઈએ.યોગાસનોથી શરીર અને મનને સ્ફૂર્તિ મળે છે. સ્નાયુઓને શક્તિ મળે છે. સંપૂર્ણ શરીરમાં શુદ્ધ રક્તપુરવઠો મળે છે. અંતઃસ્ત્રાવી ગ્રંથિઓની કાર્યક્ષમતા વધે છે. પ્રાણાયામથી શ્વસનક્રિયા પર નિયંત્રણ મેળવી શકાય છે. વિશેષ કરીને ગર્ભધારણા માટે ના પ્રાણાયામમાં ૐકાર, ભસ્ત્રિકા, ઉજ્જાયી, અનુલોમ-વિલોમ પ્રાણાયામનો સમાવેશ થાય છે. જ્યારે આસનોમાં વજ્રાસન, યોગમુદ્રા, સર્વાંગાસન, શલભાસન અને ધનુરાસન એ શ્રેષ્ઠ સાબિત થાય છે.

## પ્રાર્થના

અંતરિક્ષમાં હજારો આત્માઓ જન્મ લેવા માટે આતુર છે. પરંતુ આવા મહાન આત્માઓને તેમને ધારણ કરી શકે અને જન્મ આપી શકે એવા યોગ્ય માતા-પિતા મળતા નથી. આ મહાન આત્માઓ આમંત્રણ વિના-પ્રાર્થના વિના અવતરતા નથી. મનુસ્મૃતિમાં કહ્યું છે કે પ્રાર્થનાના પરિણામે જન્મે તે આર્ય. જે બાળક પ્રાર્થના વડે જન્મ્યું ન હોય, તેવા વણમાંગ્યા આવી ગયેલા બાળકોને તો ભગવાન મનુ શાપિત જણાવે છે. આમ ઇશ્વરીય અંશને ધરતી પર લાવવા માટેનું માધ્યમ એ પ્રાર્થના છે. આ માટે તમે તમારી પોતાની એક પ્રાર્થના લખો અને દરરોજ તેનું મનન કરો. પ્રાર્થનાથી જન્મેલ બાળક દિવ્ય અને શ્રેષ્ઠ બને છે.

The first ever Cordless Phone
was created by God
He named it **"PRAYER"....**
It never loses its Signal and U never
have to Recharge it. Use it Anywhere....!

**શ્રેષ્ઠ બાળક માટે મુખ્યત્વે ત્રણ વસ્તુ જરૂરી છે.**

**૧.બાળકની શારીરિક, માનસિક, બૌધિક અને આત્મિક પ્રતિકૃતિનો દૃઢ સંકલ્પ.**

**૨.શારીરિક અને વૈચારિક શુદ્ધિ.**

**૩.ઉચિત સમય અને યોગ્ય અવસ્થામાં ગર્ભાધાન સંસ્કાર.**




(ક્રમશઃ)

# Gunjan Mukesh Koradia



## Personal Details

| | |
|---|---|
| Date of Birth: | 17th March, 1996 |
| Time of Birth: | 10:40 AM |
| Place of Birth: | Akola,Maharashtra |
| Height: | 5'5" |
| Weight: | 55kg |
| Complexion: | Fair |
| Education: | BCA(Bachelors of Computer Applications)<br>MCM(Masters of Computer Management) |
| Hobby: | Crafting, Listening Music, Reading Books |
| Email id: | gunjan1703k@gmail.com |
| Caste: | Jain Swetamber Murtipujjak,<br>Sorath Vishashreemali |



## Family Details

| | |
|---|---|
| Grand Father: | Late. Mansukhlal Makanji Koradia |
| Grand Mother: | Late. Hansaben Mansukhlal Koradia |
| Father: | Mukesh Mansukhlal Koradia |
| Mother: | Rajul Mukesh Koradia |
| Brother: | Harshit Mukesh Koradia |
| Sister-in-law: | Pinal Harshit Koradia |
| Uncle: | Chetan Mansukhlal Koradia<br>Sunil Mansukhlal Koradia |
| Vatan: | Ranpur, Bhesan |
| Mosal: | Urvashiben Mansukhlal Shah (Nagpur) |
| Contact: | 9423281961 / 9404376069<br>Resi:0724-2425816 |
| Occupation: | Immitation Jewellery |
| Office: | Shreyans, Old Cloth Market, Tajnapeth,<br>Akola |
| Residence: | Kamal Kunj, Block No. 3, Near DSP Office,<br>Behind New Jain Temple, Akola-444001(M.S) |



# Mother's Experience

**Full Name** : Grishma Jigar Sangoi

**Child's Name** : Vihaan Jigar Sangoi

**Email ID** : Grishma.goda@gmail.com

My experience: I joined garbh sanskar right from pre conception planning and as they say ''a mother is the creator of her child'', but for that you need to make a strong SANKALP, and that's what we did. I and my husband repeated our sankalp daily to my baby during pregnancy. We use to talk to the baby regularly.

To get a divine child I use to practice lot of spiritual things in pregnancy like Samaik, Bhakti, Jaap (of different month), Snatra Pooja (on 5th and 8th month) Ashtaprakari Pooja. I read lot of Dharmik books (Jeevan charitra of mahapurush). I learned new Stavan, Stutis and Halarda. I also made my own Halarda which I use to sing daily.

To stay completely away from all negativity, I did not watch television during pregnancy. Instead of that, I kept myself busy in lot of creative activities like drawing, learning glass painting, making different gahulis etc.

My husband played a very crucial role during my entire pregnancy, by keeping me happy always, as only a happy mother can give birth to a happy child. He supported men encouraged me throughout. Even my family members offered only simple satwik food and boiled water to me.

I learned chanakya niti shastra and vedic maths for my babies intellect. My 9 months journey was so smooth and without any complications. I would sincerely like to thank Param Pujya Rajhans Suriswarji Maharaj Saheb and the entire team of Sanskar Shakti for showing me such a wonderful way of parenting and blessing my baby with the most precious gift of life i.e. superior health, intelligence and best inner qualities. I would like to convey to all the readers to join sanskar and spread it's awareness to as many as possible.

# લૂટી લીધું...

માલિકે કહ્યું, તમે મને લૂટી લો અને હું તમને લૂટી લઉં... અભ્યાસીએ વિચાર્યું કે આ તો ફાયદાનો સોદો છે. મારી પાસે તો છેય શું? માલિકને લૂટી લેવા દો. માલિક પાસે તો અણમોલ આધ્યાત્મિક સંપત્તિ છે... ખરેખર હું મોટા ફાયદામાં રહીશ... અભ્યાસીએ મનોમન વિચારી પછી કહ્યું:

ઠીક છે માલિક મને મંજૂર છે.

માલિકે કહ્યું કે હું મોટો છું પહેલાં હું લૂટીશ...

ઠીક છે માલિક તમે પહેલાં મને લૂટી લો...

પછી તો શું? અભ્યાસીને લૂટી લેવાયો.. એનું બધું જ જતું રહ્યું... અને હવે અભ્યાસી માલિકને લૂટવા ગયો તો માલિકે તો કોડીનો જવાબ દઈ દીધો.

મારી પાસે તો કશું છે જ નહીં. મારી પાસે જે કંઈ હતું એ તો મારા ગુરુ મહારાજે લૂટી લીધું હતું.

પણ આપે પણ આપના ગુરુ મહારાજને લૂટી લીધા હશે ને?... અભ્યાસીએ કુતૂહલવશ પૂછયું.

જ્યારે હું તેમને લૂટવા ગયો ત્યારે તેમણે પણ મને એવું જ સ્પષ્ટ કહી દીધું કે જે હમણાં તમને કહી રહ્યો છું... માલિકે કહ્યું.

પછી અભ્યાસીને મળ્યું શું? માલિક કહે છે કે, બસ કાંઈ જ નહીં..

માલિકે તો સ્પષ્ટ કહીં દીધું કે અહી કઈ મળતું કે મળાતું કંઈ નથી. ઉલ્ટાનું જે છે તે પણ છીનવી લેવામાં આવે છે. લૂટી લેવામાં આવે છે. આવા જ લૂટમારનો રિવાજ પેઢી દર પેઢી ચાલ્યો આવે છે. માલિક કહે છે કે હું મારું બધું જ ગુમાવી ચૂક્યો છું. હવે પછી ફરી તેને પ્રાપ્ત કરવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી કેમકે મે એનાથી જ મેં આધ્યાત્મિક સફરની કિમત અદા કરી દીધી છે. હવે મારી પાસે કશું જ નથી કે કોઈને કશું આપી શકું. એટલે જ કોઈ કદાચ મારી પાસે ફરકતું નથી.

પણ માલિક બીજી તરફ એ પણ કહે છે કે મેં ક્યારેક ક્ષણિક પણ એમ સમજી લીધું નહી કે મારા ગુરુ મહારાજની આધ્યાત્મિક સંપત્તિ મારી નથી... જેમકે એક બાળક પોતાના મા-બાપના ઘરમાં રહે છે અને ઘરની દરેક વસ્તુને પોતાની સમજે છે... બરાબર એવી જ રીતે હું પણ માલિકની દરેક વસ્તુને મારી સમજી રહ્યો છું...

વાત એકદમ સ્પષ્ટ છે કે જ્યાં સુધી બાળક માતા-પિતાના ઘરમાં રહે છે ત્યાં સુધી માતા-પિતાનું જે કાંઈ છે તે પોતાનું સમજે છે પણ હા એ વાત જરૂર છે કે દરેક વસ્તુનો ઉપયોગ માતા-પિતાની આજ્ઞાને આધીન છે હવે તે પોતાનું અલાયદું ઘર વસાવવાનું વિચારે તે અલગ વાત છે.

અમારી હાલત તો એવી છે કે જો અમે અલગ ઘર વસાવી લઈએ તો અમારી પાસે તો કશું જ રહે નહીં... જ્યારે દિલ જ નથી તો પછી અમારું બીજું શું અને અમારી આધ્યાત્મિકતાની સ્થિતિ પણ શું હોઈ શકે? અગર અલગ ઘર વસાવવાનો વિચાર ન આવે તો માલિક આપણા જ છે અને એમનું સઘળું આપણું જ... અમને અમારી જરૂરિયાત અનુસાર કંઈક સોંપવામાં આવે છે બસ એવી રીતે જેવી રીતે પિતા પોતાના પુત્રને ભૂખ લાગવાથી ખાવાનું આપે, પહેરવા માટે કપડાં આપે અથવા તો બજારમાંથી સામાન લાવવા માટે પૈસા આપે... માલિક. જ્યારે માલિક કશું આપે છે તો તે સુખ-દુઃખ વગેરે માટે હોય છે અથવા તો કામ કરવા માટે સોંપવામાં આવે છે. જે ઉપભોગ માટે આપ્યું છે તે ઉપભોગ પછી પૂરો થઈ જાય છે. કામ કરવા માટે સોંપવામાં આવેલ (ગુણ, પાત્રતા, શક્તિ, આધ્યાત્મિક સ્થિતિ વગેરે) કામ થઈ જાય પછી માલિકને પરત થઈ જાય છે. અમારી કોઈ વસ્તુ રહી જાય એવી કોઈ વસ્તુ બાકી જ નથી રહેતી. એટલે માલિકે કહ્યું છે કે અહી

કશું મળતું કે મેળવાતું કશું નથી... માલિક તો અમને ખિસ્સા ખર્ચ પણ આપતા નથી શા માટે આપે? જ્યારે જેટલી વસ્તુની જરૂરત છે એટલી તો તે આપે જ છે... પછી જે બાકી બચત રહે છે તે તો તેમની પાસે જ પરત રહે છે. હવે આનું તો શું મહત્ત્વ કે માલિકે ક્યારે કોને કેટલું સોંપ્યું. જેને જેટલી જરૂરત હતી તેટલું તેને સોંપવામાં આવ્યું.

જ્યારે અમે નાના હતા ત્યારે તો ના કોઈ વાતની જવાબદારીનું ભાન હતું ન કોઈ વાતની ચિંતા રહેતી હતી. મને યાદ છે જે દિવસે ખૂબ વરસાદ વરસી જાય ત્યારે મારી માતા નાનકડા ઘરને કારણે ચિંતિત બની જતી કે કપડાં કેવી રીતે સુકાશે? મને વળી ક્યાં ચિંતા હતી.. કપડાં સુકાય કે ભીનાં રહે? મા કંઈક તો કરશે જ... મા કંઈ ભીનાં કપડાં થોડી પહેરાવે? મને તો ઊલટાની મજા આવતી હતી. ધોધમાર વરસાદને કારણે ધમાલ મસ્તી કરવાની કેટલી સુંદર તક મળતી હતી...

એવી જ રીતે રેલયાત્રા કરવાની હોય ત્યારે પિતાજી બધી જ વ્યવસ્થા કરતા... ટ્રેન માટે કંઈ મોડા તો નથી થઈ રહ્યા ને? આરક્ષણ છે કે નહીં? સામાન સુરક્ષિત છે કે નહીં? મને કોઈ ચિંતા નહોતી. જે કંઈ થશે તે માતા પિતા સંભાળી લેશે... બસ એટલું જરૂર ધ્યાનમાં રાખીને માતા પિતાએ જે કંઈ કરવાનું કહ્યું હોય તે યથાશક્તિ એ કરી લીધું હોય... પછી કોઈ મતલબ નહીં. જે થાય તે ખરું. ખાવું પીવું, કપડાં અને બીજી જરૂરી ચીજ વસ્તુઓ મળી જ જતી હતી. કપડાં તો હું માની ચીજો જ સમજતો હતો. મારે શું વળી? મા એ તો મને કોઈ ને કોઈ કપડાં પહેરાવવાં જ છે..., તો પહેરાવશે. ફાટી જશે તો સિવડાવી દેશે અથવા તો રફુ કરાવશે, જે કરવું હોય તે મારે શું?

હવે માબાપની જગ્યા માલિક લઈ લે તો કેટલું સારું થાય?

માલિકને સતત વિનંતી એ કે તે અમને હંમેશ બાળક જ રાખે જેથી અમે દરેક રીતે એમના ઉપર જ અવલંબિત રહીએ. અમારું અલાયદું કોઈ ખાતું જ ન હોય. જે કંઈ માલિક વપરાશ માટે આપે તે અમે ખુશીથી ભોગવીએ, અમારી પાસે કશું જ ન બચે. માલિક જે કોઈ કામ અમને સોંપે તે અમે એમનું જ સમજીને એમની કાબેલિયત પ્રમાણે કરીએ. જે કંઈ વધે તે તેમની પાસે જ રહે. યુવા હોવાનો જરા પણ ખ્યાલ ક્યારેય અમારામાં ન આવે. યુવાન થઈને તો અમે કંઈ કામના જ નહીં રહીએ.

વાસ્તવમાં માલિકને લૂટી લેવાની અસલી રીત તો એ છે કે માલિક અમારા થઈ જાય અને એ સિવાય અમારું કશું જ બાકી ન રહે. માલિકે કહ્યું જ છે ને, હું તો પહેલેથી જ તમારો છું, મારો પ્રયત્ન તો એ ચે કે તમે પણ મારા થઈ જાવ... હકીકતમાં લૂટવું એટલું મુશ્કેલ નથી જેટલું પોતાને લુટાવી દેવું. અમને લૂટવા માટે તો માલિક તૈયાર જ છે પણ અમે સંમતિ આપીએ તો ને? સહકાર આપીએ તો ને? ગુલામી માલિક જ શીખવાડશે પણ, પણ અમારે શીખવું હોય તો ને?

કોઈ આપણને એમ કહે કે તમને સંસારની બધી ઉપલબ્ધિઓ મળી શકે તેમ છે અને એમ પણ બની શકે કે જીવનમાં કોઈ દુઃખ, નિરાશા, અપમાન વિ.નું નામોનિશાન જ ન રહે. સમગ્ર જીવન સુખ, આનંદ અને સંતોષથી છલકાતું હોય અને પછી એક કરોડ જન્મો સુધી દિવસ રાત બમણાં, ચાર ગણાં વધતાં જ જાય. પરંતુ માલિકને પ્રાપ્ત કરવામાં તમને એક ક્ષણનો જ વિલંબ થાય તો પછી અમારે એ બધી ચીજોને ઠુકરાવી દેવી જોઈએ. અગર કોઈ આ બધું જ આપી દે તો પછી હા કરવું એથી પણ વધુ ઘાતક. એનો મતલબ તો એ છે કે અમે આવી ચીજો પાછળ પડી જઈશું અને માલિક અમને કદી મળશે જ નહીં. આપણે તો માલિક પાસે ક્ષણમાં પહોંચવા માટે કરોડો જન્મોની યાતનાઓને પણ ગળા સુધી સ્વીકારી લેવી જોઈએ. અસલ મતલબ તો

માલિકને તુરત ને તુરત જ પ્રાપ્ત કરવાનો છે, બાકીની વસ્તુઓ માટે આપણે શી લેવાદેવા? અગર કોઈ એમ કહે કે માલિકની પ્રાપ્તિ તો તમને એટલી જ વારમાં થશે. હવે શું લેશો? એક કરોડો જન્મોનો પરમ આનંદ કે પછી એટલા જન્મોની તીવ્ર યાતનાઓ? તો પછી કરવું શું જોઈએ? ભાઈ પ્રેમની રીત તો એ છે કે આ વાત પણ આપણે માલિક પર છોડી દઈએ. એ જેવું ચાહે તેવું થાય. અગર માલિક જ જો હુકમ આપે કે બોલો તમારે શું જોઈએ? પછી તો કશી જ પરવા ર્ક્યા વગર લઈ લો. જે થાય તે ખરું.

લોકો કહે છે કે મહેનતનું ફળ મીઠું હોય છે. અમારા માટે તો એક જ ફળ મીઠું છેઃ માલિકની પ્રાપ્તિ. અને જો તપસ્યા પછી અમને સાંસરિક ઉપલબ્ધિઓ માટે લલચાવવામાં આવે તો અમારા માટે તપસ્યા બેકાર જ થઈ...

આપ કહેશો કે આ બધું કહેવું સરળ છે અને કરવું અતિ દુષ્કર. આ બિલકુલ ખરી વાત છે. તારી સહાયતા વિના તારી પ્રાપ્તિ અસંભવ જ. પણ માલિકે તો વચન આપ્યું જ છે સહાય આપવાનું. અને જ્યારે માલિકની સહાયનો સમાવેશ થઈ જાય તો કઈ એવી મુશ્કેલી છે જે સરળ ન બની જાય? પ્રવાસ બહુ લાંબો છે, કહો કે અનંત છે. પરંતુ માલિકની યાદમાં પણ અનંત શક્તિ છે. માલિકના થઈ જવાનો પાકકો ઈરાદો હોવો જોઈએ અને યાદોનો પાલવ ક્યારેય છોડવો જોઈએ નહીં, પછી બધી મુશ્કેલીઓ સરળ છે.

અભ્યાસી ફરી માલિકને લૂંટવા નીકળ્યો. માલિક લાખ વાર કહેતા રહે છે કે, મારી પાસે કશું જ નથી, ન આધ્યાત્મિક સંપત્તિ, ન જ્ઞાન, ન કોઈ શક્તિ, ન કોઈ સિદ્ધિ...હું તો એક ઠરી ગયેલ દીપક છું. મારી પાસે પતંગિયાં શા માટે આવે? નાનક બૂઢે બૈલ કો કૌન બાંધ ભુસ દેય...હું મટી ચૂક્યો છું પણ અભ્યાસીએ એકેય વાત સાંભળી નહીંઃ માલિક આપની પાસે ભલે કશું હોય કે ન હોય હું તો આપને જ લૂંટી લઈશ. અને અભ્યાસીએ માલિકને લૂટી લીધા... માલિક સસ્મિત બોલ્યાઃ હું તો પ્રથમથી જ તારો હતો. બસ તારી સમજમાં ફેર હતો. એવું જ થયું ને જે માલિકે ચાહ્યું હતું ?

# Whom to Salute

APJ or Manekshaw

When Dr.Abdul Kalam was the President, he visited Coonoor. On reaching, he came to know that Field Marshall Sam Manekshaw was in the Military Hospital there. Dr.Kalam wanted to visit Sam, which was unscheduled. Arrangements were made. At the bedside, Kalam spent abt 15 minutes talking to Sam & enquiring abt his health.

Just before leaving Kalam asked Sam "Are you comfortable? Is there anything I could do? Do you have any Grievance ? or any requirement that would make you more comfortable?"

Sam said "Yes Your Excellency, I have one grievance". Shocked with concern & anguish , Kalam asked him what it was .

Sam replied" Sir, my grievance is that I am not able to get up & Salute my most respected President of my beloved country". Kalam held Sam's hand as both were in tears.

But the remaining part of the tale with regarding this meeting is that Sam did tell APJ that he was not paid the pension of the Field Marshall's rank till then, for nearly twenty years.

An aghast President went to Delhi and passed the pension with arrears within a week and sent the cheque of nearly Rs.1.25 crores through the Defence Secretary by a special plane to Wellington, Ooty, where Sam was ailing.

That is the greatness of APJ. But then Sam received the cheque and promptly donated it to the Army Relief fund.

Whom will you salute now?

Indeed those real Heroes are Missing Today.

## Beautiful words with very deep meaning

'ચાલને એક નવી કોશિશ કરીએ કોઈના 'વિશ' બોલવા કરતાં કોઈની 'સાથે' બોલીએ'

શબ્દો મારાં સાંભળી, વાહ વાહ તો સૌ કરે... પણ મૌન મારું સાંભળે, કાશ એવું એક જણ મળે'

'મતભેદ એક એવી ઉધઈ છે કે જે ધીમે ધીમે મન સુધી પહોંચી લાગણીઓને કોતરી નાખે છે.'

બદલો લેવામાં શું મજા આવે, મજા તો ત્યારે આવે જ્યારે તમે સામે વાળાને બદલી નાખો'

'સંબંધ તો એવા જ સારા, જેમાં હક પણ ન હોય, અને કોઈ શક પણ ન હોય.'

'ખુદને ખરાબ કહેવાની હિંમત નથી રહી, તેથી બધા કહે છે જમાનો ખરાબ છે.'

'ઘણી મેં શોધ કરી શ્લોક ને સ્તુતીમાં, પણ ઈશ્વર આખરે મળ્યો સ્નેહ અને સહાનુભૂતિમાં'

'જ્યારે નાના હતા ત્યારે મોટી મોટી વાતોમાં તણાઈ ગયા અને જ્યારે મોટા થયા ત્યાં તો નાની નાની વાતોમાં વિખેરાઈ ગયા.'

'જો ''નિભાવવાની'' ચાહ બંને તરફ હોય તો દુનિયાનો કોઈ ''સંબંધ'' ક્યારેય તૂટતો નથી.'

'ડર એ નથી કે...! કોઈ રિસાઈ ને ચાલ્યું જાય છે, ડર તો એનો છે કે લોકો હસતાં હસતાં બોલવાનું બંધ કરી નાખે છે.'

તમારા ચહેરા પરનું સ્મિત એ કુદરતે તમને આપેલી બક્ષિસ છે, પણ એ જ સ્મિત જો તમે કોઈના ચહેરા પર લાવી શકો તો એ તમે કુદરતને આપોલી રીટર્ન ગિફ્ટ છે.

'દોડી ગયા છે જે એમને શું ખબર કે... સાથે ચાલવાની મજા કેવી હોય છે'

'ખૂબ સહેલું છે કોકને ગમી જવું, અઘરું તો છે, સતત ગમતા રહેવું.

## સરનામામાં ફેરફાર

**તનસુખ પી. મહેતા**
Vishva Amruth Apartment, 14/1,
2-B, Main Road, Talacauvery Labout,
Amrutahalli, Byatarayanapura,
Bengaluru, Karnataka - 560 092.

**આર્યન હાથી**
Flat No. A-1105, 11th Floor,
Ajitnathnager Chs Ltd,
Near N L High School, S. V. Road,
Malad West, Mumbai - 400 064.

**સંકેત બી. વોરા**
402, Akruti Apartment,
Darshan Park-1, Near Paradaise Hall,
Gopal Chowk, Raia Road, Rajkot
Mob.: 9408917606

**ચેતન એન. સંઘવી**
E-53, Suraj Society,
Near Zansi Ni Rani Circle,
Beside Jain Temple, H. T. Road,
Subhanpura, Vadodara - 390 023.
Mob.: 9879048499

**પ્રતિક પ્રવિણ વોરા**
A-402, Mapple Leaf,
B/H Vastu Luxuria,
Near V R Mall, Magdalla Road,
Surat - 395 007, Gujarat.

**પરાગ દોશી**
B-1701, Ashfort Royale, S Samuel Street,
Mulund Goregaon Link Road,
Nahur, Bhandup (West), Mumbai - 400 078.
Mob.: 9819855831

**શ્રીમતી તારાબેન શાંતિલાલ કોરડીયા**
904, Mahalaxmi Complex,
New Vikas Gruh Road,
Paladi, Ahmedabad.
Mob.: 9879151449

# શ્રદ્ધાંજલિ



જન્મ
તા. ૮-૧૦-૧૯૫૦

અરિહંત શરણ
તા. ૫-૪-૨૦૧૯

## સ્વ. મહેન્દ્રભાઈ અમૃતલાલ મહેતા

*હૃદય અમારાં રડી પડે છે, જોઈ તસ્વીર આપની,*
*હૈયું માનવા તૈયાર નથી કે, નથી હયાતી આપની,*
*હૃદયમાં વાસ આપનો, ક્ષણ-ક્ષણ ભૂલાતો નથી*
*દ્રષ્ટિમાં હજુએ રમે છે, તમારો હસતો ચહેરો*
*સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડયું નહીં,*
*જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં,*
*અણધાર્યા છોડી ગયા જીવન, છતાં જીવીત હોવાનો ભાસ છે*
*દર્શન નથી તમારા દેહનાં, પણ હૃદયમાં તમારો વાસ છે,*
*અંજલિ આપતા હૈયું ફાટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે.*

**સદ્‌ગતનાં આત્માને પરમ શાંતિ આપે એવી પ્રભુ પાસે પ્રાર્થના.**

**પિતાશ્રી :** સ્વ. અમૃતલાલ બેચરદાસ મહેતા **માતા :** સ્વ. સવિતાબેન અમૃતલાલ મહેતા
**પત્ની :** સ્વ. બીનાબહેન મહેન્દ્ર મહેતા
**પુત્ર :** નિસર્ગ **પુત્રવધુ :** પાયલ - **પૌત્ર :** વર્ધ
**પુત્રી :** પૂજા **જમાઇ :** બ્રિજેશ - **દોહિત્ર :** નીવ
**ભાઈ :** જીતેન્દ્ર **ભાભી :** કલ્પના - **ભત્રીજી :** પાયલ
**ભાઈ :** સુભાષ **ભાભી :** દક્ષા - **ભત્રીજા :** સ્મિત
**બહેન :** જ્યોત્સના ભદ્રકાન્ત ધોળકિયા - **ભાણેજ :** મિતલ, બિજલ
તેમ જ
**સમસ્ત મહેતા પરિવારનાં જય જિનેન્દ્ર**

# પરીક્ષા

બે વાગી ગયા. હજી રીના કેમ ન આવી?

હું રીનાની આતુર મને રાહ જોતી હતી. દસમીની પરીક્ષા આપી રહી હતી. આજે બીજ ગણિતનું પેપર હતું. રીનાનો માનીતો વિષય. તેણે મહેનત પણ ઘણી કરી હતી. કહેતી હતી, 'આ વખતે નેવું માર્કસ તો ઓછામાં ઓછા લાવવા જ છે.'

હું બારણું ઉઘાડીને જ બેઠી હતી. રીનાનું હસતું મોં મારે જલદી જોવું હતું. અને એ હસતી-કૂદતી આવી. 'મમ્મી' કહેતી મને વળગી પડી.


'અરે, બોલ તો ખરી, કેટલા માર્કસ લાવવાની?'

'પૂ.....રા......પંચાણું, તેમાં એક ઓછો નહીં.'

'શાબાશ! મારી દીકરી શાબાશ!' હેતથી મેં એને ચૂમી લીધી.

ત્યાં અમારા પડોશની સોનાલી આવી. મેં એને પૂછયું, પેપર કેવું ગયું?

'સુપર્બ!' - એ પણ ઘણી ખુશ દેખાતી હતી.



તેની પાછળ તેની મમ્મી પણ આવી. તેને જોઈ બોલી, 'અરે, મમ્મી! આજે તો કાંઈ જ બહારનું નહોતું. બધું જ બધું હું જાણતી હતી. લખવામાં મજા આવી ગઈ!'

તે-મા-દીકરી ગયાં પછી મેં રીનાને પૂછયું, 'આ લોકો શું વાત કરતાં હતાં? બહારનું નહોતું એટલે શું?'

'મમ્મી, એમને પેપર પહેલેથી મળી ગયું હશે. પરીક્ષામાં એ જ આવ્યું. એટલે કશું બહારનું નહીં.'

'એમ પહેલીથી કેવી રીતે મળી જાય?

'અમારા સેન્ટર પર ઘણી છોકરીઓ પાસે પેપર હતું. એકે મને બતાવ્યું કે આ પ્રશ્ન આવવાનો છે. પણ મેં તે તરફ ધ્યાન જ ન આપ્યું. પરંતુ ઘણા કહેતા હતા કે આજનું પેપર ફૂટી ગયું હતું.'

'હા, બેટા! આપણે તો મહેનત કરીને જ ભણવાનું.'

મારી દીકરી બહુ જ હોશિયાર છે, બહુ જ મહેનતુ, કોઈ ટયુશન નહીં. જાતે જ મહેતન કરે. પડોશની સોનાલી તો રખડુ છે. નવમીમાં એક વાર નાપાસ પણ થયેલી. આ વરસે ખાસ ટયુશન પણ રાખેલું. પણ આખો વખત નવા નવા ડ્રેસ પહેરીને બહાર જ ફરતી હોય. મેં એને ક્યારેય ચોપડી લઈને બેઠેલી જોઈ નથી.

જમીને રીના બોલી, 'મમ્મી, હું જરીક બાજુમાં જઈને આવું.'

'કેમ, કાલની તૈયારી કરવી નથી?

હું હમણાં જ આવું.

પૂરા અડધા-પોણા કલાકે આવી. ત્યારે ગુમસુમ લાગતી હતી. 'મમ્મી, એ લોકો તો સો રૂપિયા આપીને પેપર લાવ્યા હતાં. મેં તો માસીને કહ્યું કે આવી રીતે પેપર ફૂટી જાય તો ફરી પરીક્ષા લેવી જોઈએ. પણ એ લોકો કહે કે ફરી પરીક્ષા શું કામ? પેપર ફૂટી ગયું તે બોર્ડનો દોષ. તેમાં અમે શું કરીએ?

'હશે બેટા, સહુ પોતપોતાનાં કર્યાં ભોગવશે. તું તારે વાંચવા બેસી જા!'

એ વાંચવા તો બેઠી, પણ મેં જોયું કે એ ખાસ્સી બેચેન હતી.

સાંજે હું બહાર જઈ શાકભાજી, ઘરસામાન વગેરેની ખરીદી કરીને આવી, ત્યારે રીના કહે, 'મમ્મી, હમણા જ મારી એક બહેનપણી કાલનું આખું પેપર આપી ગઈ. કહેતી હતી કે કાલે આજ આવવાનું છે. પણ મેં તો જોયું જ નહીં, બાજુએ મૂકી દીધું.'

મેં પાસે જઈને એના માથે પ્રેમથી હાથ ફેરવ્યો. ‘મારી દીકરી કેટલી ડાહી છે!’

પરંતુ રીનાના મનમાં કશુંક ઘોળાતું હતું. રાતે જમ્યા પછી ફરી એણે વાત કાઢી, મારા જેવી છોકરીઓ વરસ આખું તનતોડ મહેનત કરે અને આ બધાં રખડયાં કરે. પણ પરીણા વખતે પેપર ફોડીને એકદમ આગળ આવી જાય! કદાચ માર્કસ પણ અમારા કરતાં સારા લાવે. એટલે પછી એમને સારી કૉલેજમાં પ્રવેશ પણ મળી જાય, અને અમે લટકી પડીએ! આટલી મહેનત પછી પણ...’

મેં જોયું કે એની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં હતાં. તેવામાં એની એક બીજી બહેનપણીનો ફોન આવ્યો. તેણે ફોનમાં જે કાંઈ કહ્યું, તેનાથી રીના વળી વધુ વ્યગ્ર બની ગઈ. ફોન મૂકીને એકદમ સોફા પર બેસી પડી. મેં પૂછયું, ‘બેટા, શું થયું?

ઘણી વાર સુધી એ કાંઈ બોલી નહીં. પછી કહે. ‘મારી બહેનપણી કહે છે કે સોલિડ સજેશન છે. આ પ્રશ્ન કાલના પેપરમાં આવવાનો જ... પણ ‘મમ્મી, મારી તો એ વિશે કાંઈ તૈયારી નથી.’

કાંઈ નહીં, હજી વાંચી લે ને!

એ વાંચવા બેઠી, પણ રાતે સૂતી વખતે કહે, મમ્મી, આજે હું તારી સાથે સૂઈ જઈશ.

‘આવ ને! બેટા, તને કાંઈ થાય છે?’

‘કાંઈ ગમતું નથી. આમ ચોરી કરીને પરીક્ષા આપવાની?’ - અને મને વળગીને એ સૂતી. હું કાંઈ ન બોલી. એના વાંસે હાથ ફેરવતી રહી.

બીજે દિવસે એની વાટ જોતાં હું બહુ ચિંતામાં હતી. એ પરીક્ષા દઈને આવી. મોઢા પર ખુશી તો જણાતી હતી, પણ સાથે કંઈક ગંભીર લાગતી હતી. મારી સોડમાં સરકી મારી છાતી પર માથું મૂકી ધીરે ધીરે બોલી : ‘મમ્મી, પેપર ઘણું સારું ગયું... પેલો પ્રશ્ન આવ્યો હતો... રાતે વાંચી ગઈ હતી એટલે મારી તૈયારી હતી.... પણ મેં જવાબ લખ્યો જ નહીં.... ભલે એટલે માર્કસ ઓછા!... હવે મને ઘણું સારું લાગે છે, હોં મમ્મી!

મારી આંખો ઊભરાઈ આવી અને ગર્વથી મારી છાતી ફૂલી.

- વીણેલાં ફૂલમાંથી સાભાર

# તપ એટલે

★ વિવિધ ઇચ્છારૂપી ડાકણોને વશ કરવાનો ગુપ્ત મંત્ર
★ પાપરૂપી ભયંકર આગને ઓલવનારો ફાયરબ્રિગેડ
★ ધર્મરાજાની સેનાનો ખાસ સેનાની
★ સંવરનું પોષણ કરનાર રસાયણ
★ સંવેગ-વૈરાગ્યનો મિત્ર
★ તન-મન-આત્માનો મેલ ધોવાનો સાબુ
★ ધ્યાનરૂપી પર્વત ઉપર ચઢવાની કેડી
★ સમતા-સમાધિની મજા માણવાનું ઉદ્યાન
★ આહાર સંજ્ઞારૂપી દુષ્ટાને ભગાડનાર રિવોલ્વર
★ શિવસુંદરીને મેળવવાનું અપૂર્વ વશીકરણ
★ યોગરૂપી મહેલ ચઢવાની લીફ્ટ
★ માનવ દેહને સાર્થક કરવાનો ઉપાય
★ નિકાચિત પણ કર્મોને બાળનારો પ્રબળ અગ્નિ

આવો ૧૨ પ્રકારનો તપ કર્મક્ષય માટે આદરવો જોઈએ.

પ્રેષક : ડૉ. વીતરાગ-ડૉ. સમકિત શાહ-સુરત

# સુવિચાર જગત

★ બીજાને શાતા આપશો તો શાતા મળશે, અને દુઃખ આપશો તો દુઃખ મળશે.
★ જગતથી જે ન્યારા બને, તે જ પ્રભુને પ્યારા બને.
★ જેનામાં જીવમૈત્રી ન પ્રગટે તેનામાં જિનભક્તિ ન આવે.
★ જેનામાં રોષ ન હોય, તે કોઈના દોષ દેખે નહિ.
★ જ્યાં કષાયો પડેલા છે, ત્યાં વિષયો બેઠેલા જ છે.
★ વર્તન સુધરે તો જ પરિવર્તન આવે છે.
★ જેણે જીભ જીતી એ જીવ અને જગતને જીતી શકે છે.
★ જીવનમાં સમતા અને ક્ષમતા આવી જાય તો મમતા આપોઆપ ચાલી જાય.
★ વેરની યાતના ને યાચના માણસને નીચે ઉતારી દે છે.
★ ધર્મ માટે સમય કાઢવાની વાત પછી કરજો. સમય મળે ત્યારે ધર્મ કરવાની તૈયારી છે ખરી? સર્વ પાપ ત્યાગની વાત પછી કરજો. શક્ય પાપત્યાગ માટે તૈયાર છો ખરા?
★ સુખ ભવાન્તરગામી નથી, ધર્મ ભવાન્તર ગામી છે. આપણે કોની પાછળ પાગલ! દુઃખ ભવાન્તરગામી નથી. પાપ ભવાન્તરગામી છે. આપણો કોના પ્રત્યે તિરસ્કાર!

પ્રેષક : રમેશભાઈ ટી. શાહ-વડોદરા

# કુંભ સ્થાપનાની વિધી

કોઈપણ શુભકાર્યની શરૂઆત કુંભ સ્થાપના (કુંભ મુકવો, ઘડો મુકવો) દ્વારા કરવામાં આવે છે.

કુંભ સ્થાપનાની ક્રિયા એટલે આપણી પૃથ્વી ઉપર જે પાંચ શુભ તત્વો છે તેમનું આહ્વાન કરી અને તેમની સ્થાપના આપણી નવી જગ્યામાં કરવી.

અગ્નિ, પૃથ્વી, વાયુ, જળ, આકાશ આ પાંચ શુભ તત્વો છે.

દીપક પ્રગટાવવા દ્વારા અગ્નિ સ્થાપના આહ્વાન થાય છે.

માટીનો કુંભ તેનાથી પૃથ્વી તત્વનું આગમન થાય છે.

માટીના ઘડામાં જળ ભરવા દ્વારા જળતત્વનું આગમન થાય છે.

સુગંધિત ધૂપ કરવા દ્વારા વાયુતત્વનુ આગમન થાય છે.જે ખુલ્લી જગ્યામાં આપણે રહેવાનું છે તે આકાશ તત્વ છે.



કુંભ સ્થાપના એ પવિત્ર ક્રિયા છે અને તેના દ્વારા શુભ ઊર્જા એટલે કે પોઝિટિવિટી ને આપણે આમંત્રિત કરીએ છીએ.

તેથી કોઈપણ નવી જગ્યા લઈએ તો કુંભ સ્થાપનાની ક્રિયા કર્યા સિવાય તેમાં કોઈપણ કાર્ય કરીએ તો તે નિષ્ફળ થાય છે અથવા તેનું શુભ ફળ પ્રાપ્ત થતું નથી.

તેથી કુંભ સ્થાપના કરવા માટે સારા મુહૂર્તનો આગ્રહ રાખવો જોઈએ, તેની માટે જો દિવસો કે મહિનાઓ સુધી પણ રાહ જોવી પડે તેમ હોય તો પણ જોવી કેમકે આ મુહૂર્ત ઉપર જ આપણા નવી જગ્યામાં સુખ, સમૃદ્ધિ, શાંતિ વગેરેનો આધાર છે.

હવે આપને કુંભ સ્થાપનાની સંપૂર્ણ વિધિ કેવી રીતે કરવી તે હું જણાવી રહ્યો છું.

કુંભ સ્થાપના ઘરની નાની બાલિકા અથવા તો સૌભાગ્યવતી સ્ત્રી પાસે જ કરાવવી જોઈએ.

કુંભ સ્થાપના ઘરના રસોડામાં અથવા તો ઈશાન ખૂણામાં કરવી જોઈએ. ઘર સિવાયના કોઈપણ સ્થળે ઈશાન ખૂણામાં જ કુંભ સ્થાપના કરવી કેમકે આ ખૂણો શુભ ઊર્જાનો (**ઘ્ઘ્મણદણઘ્ણદ્દ**) ખજાનો છે.

કુંભ સ્થાપના જે જગ્યાએ કરવાની હોય તે જગ્યાને આગલા દિવસે અથવા તે દિવસે વહેલી સવારે ગુલાબજળ, ગંગાજળ અને પંચામૃત (દૂધ, દહીં, ઘી, સાકર અને પાણી)નું મિશ્રણ બનાવી ને સાફ કરવાની રહે છે.

બીજા દિવસે જ્યારે પણ કુંભ મુકવાનો હોય ત્યારે સૌપ્રથમ દરવાજે આસોપાલવ, આંબાનું અથવા તો ફૂલોનું તોરણ બાંધવું.

ત્યાર પછી જે સૌભાગ્યવતી સ્ત્રી ના હાથે અથવા તો બાલિકા ના હાથે કુંભ સ્થાપના કરવાની છે તેનો સૌ પ્રથમ ડાબો પગ ઘરના ઉંબરાની અંદર મૂકાવવો અને પછી બીજાએ તેની પાછળ પ્રવેશ કરવો.

પ્રવેશ કર્યા પછી સૌપ્રથમ ઘરના દરવાજે ઉંબરા ઉપર કંકુનો સાથિયો કરવાનો રહે છે.

પછી જે જગ્યાએ કુંભ મુકવાનો છે ત્યાં કંકુથી સાથિયો કરવો તેની ઉપર સપ્તધાન્ય (મગ, દેશી ચણા, જુવાર, જવ, કાળા અડદ, મઠ, ચોળા)ની ઢગલી કરવી તેની સાથે માટી ભેળવવી.

જે માટીનો કુંભ લાવ્યા હોઈએ તે આપણે જ્યારે પણ બજારમાંથી લાવીએ ત્યારે ચેક કરીને જ લાવવો.

કુંભ જ્યારે ભરવાની શરૂઆત કરીએ તે પહેલા તેમાં સોપારી, આખું મીઠું, ચાંદીનો સિક્કો તથા પંચરત્ન મૂકવાના હોય છે.

માટીના કુંભમાં નવકાર મંત્ર બોલતા બોલતા પાણીની અખંડ ધાર કરવી.

કુંભ થોડો ખાલી રાખવો જેથી તેમાં હવા રહી શકે.

સંપૂર્ણપણે કુંભ ભરવો નહીં.

આ રીતે કર્યા બાદ ઘડાની ઉપર શ્રીફળ મૂકવું.

શ્રીફળની આજુબાજુ આસોપાલવ, આંબા અથવા તો નાગરવેલના પાંચ પાન મુકવા.

ત્યારબાદ તેની ઉપર લીલું રેશમી કાપડ નાડાછડીથી બાંધવું. કંકુના છાંટણા કરવા.

ત્યારબાદ શ્વાસ સ્થિર કરીને આપણે જે જગ્યાએ સપ્તધાન્યની ઢગલી કરી છે તેની ઉપર કુંભ મૂકવો.

કુંભ મૂક્યા પછી તીર્થંકર ભગવાન ફોટાની સ્થાપના કરવી.

ધૂપ પ્રગટાવો, તેનાથી દીપક કરવો અને પરમાત્મા અને કુંભને ધૂપ દિપક કરવા.

કુંભને ફૂલનો હાર અથવા ફૂલ ચડાવવા.

પછી નવકાર, ઉવસગ્ગહરં અને મોટી શાંતિ આ ત્રણ સૂત્ર બોલવા.

જો ના આવડતા હોય તો ૨૭ વખત નવકાર મંત્ર બોલવો.

ત્યારબાદ જે સૌભાગ્યવતી સ્ત્રીએ કે બાલિકા એ કુંભ મૂક્યો છે તેમને ખુશ કરવા એટલે કે ગિફ્ટ આપવી અથવા તો તેમને ગમતી વસ્તુ લાવી આપવી.

કુંભ મૂક્યા પછી પાંચમા, સાતમા અથવા તો નવમા દિવસે તેનું ઉત્થાપન કરવાનું હોય છે.

જે સપ્તધાન્યની ઢગલી કરી છે તેનું રોજ ધ્યાન રાખવું તેમાં થોડું-થોડું પાણી છાંટવું, તેમ કરવાથી તેમાં જ્વારા ઉગે છે, જ્વારા જેટલા મોટા થાય તેટલી વધારે અને સારી પ્રગતિ આપણી નવી જગ્યામાં થાય છે. માટે આ બાબત ખાસ ધ્યાનમાં રાખવી.

કુંભનું ઉત્થાપન કર્યા પછી જે જ્વારા ઉગ્યા છે તેને માટીમાં મૂકી દેવા અથવા તો વહેતા પાણીમાં વહાવી દેવા. માટીના ઘડામાં જે પાણી છે તેનો ઘરમાં છંટકાવ કરવો.

માટીના ઘડા ને ઘરમાં ઉપયોગમાં લઈ શકાય.

શ્રીફળ ને દેરાસરમાં મૂકવું.

**- જ્યોતિષ આચાર્ય વાસ્તુ વિશારદ, જૈન વિધિકાર**

**- સમકિત શાહ**

# Who is your life partner?

Mom?

Dad?

Wife?

Son?

Husband?

Daughter?

Friends?

Not at all!

Your real-life partner is your body.

Once your body stops responding no one is with you.

You and your body stay together from birth till death. What you do to your body is your responsibility and that will come back to you.

The more you care for your body, the more your body will care for you.

What you eat, what you do for being fit, how you deal with stress, how much rest you give to it; will decide how your body going to respond.

Remember, your body is the only permanent address where you live.

Your body is your asset/liability, which no one else can share. Your body is your responsibility. Because you are the real-life partner.

Be fit. Take care of yourself. Money comes and goes. Relatives and Friends are not permanent.

Remember, no one can help your body other than you.

Pranayama - for Lungs

Meditation - for Mind

Yoga - for Body

Walking - for Heart

Good food - for Intestines

Good thoughts - for Soul

Good karma - for World

*By Sri Sri Ravishankar*

# સૌરાષ્ટ્રનું ધર્મદર્શન

મહાભારતના કર્ણપર્વમાં ધર્મની વ્યાખ્યા આપવામાં આવી છે. ''ધારણાદ્ધર્મ ઈત્યાદિ ધર્મો ધારયતિ પ્રજાઃ।।'' અર્થાત્ જે ધારણ કરે અથવા આધાર આપે, જે બધાનું અધિષ્ઠાન હોય તેને ધર્મ કહેવાય છે-બીજી પરિભાષા એ પણ છે ''યત અભ્યુદય નિઃશ્રેયસ સિદ્ધિઃ સ ધર્મઃ।'' જેના આચરણથી આ લોકમાં અભ્યુદય થાય, સુખ, શાંતિ, સમૃદ્ધિ મળે અને પરલોકમાં સુગતિ મળે તે ધર્મ. ત્રીજી પરિભાષા એ છે કે : ''શ્રેયતાં ધર્મ સર્વસ્વં, શ્રુત્વા ચૈવા વધાર્યતામ આત્મનઃ પ્રતિકુલાનિ, પરેષાં ન સમાયરેતઃ।।'' અર્થાત્ કોઈપણને પ્રતિકૂળ ન હોય તેવું વર્તન કરવાનો કોઈપણ અધિકાર નથી. શ્રીમદ્ ભાગવત મહાપુરાણ સ્કંધ ૧, અધ્યાય-૨માં 'સ વૈ પુંસો પરો ધર્મો સતો ભક્તિધોક્ષજો અહૈતુક્યપ્રતિહતા યયાડડત્મા સમ્પ્રસીદતિ।' આ શ્લોકમાં ધર્મ શું છે અને તેને ભક્તિ સાથે કેવો સંબંધ છે તે જાણવા મળે છે. ધર્મ એ સાધના છે જેનાથી ભક્તિનો ઉદ્ભવ થાય છે.

વિશ્વની ધાર્મિક પરંપરા પર વિહંગાવલોકન કરીશું તો સેમાઈટ અને આર્ય એ બન્ને વિશ્વની મૂળભૂત ધાર્મિક પરંપરા ગણી શકાય. સેમાઈટમાં ઈજિપ્શિયન, બેબોલિયન, આસીરિયન, યહૂદી, ખ્રિસ્તી અને ઇસ્લામી ધર્મોનો સમાવેશ થાય છે. બીજીમાં ખત્તી એટલે હિટાઇટ, ગ્રીક, ઇરાની, રોમન, સ્લાવનિક, ટ્યુટોનિક, સેલ્ટિક, ઇત્યાદિ છે. આ બન્નેનાં સમન્વયથી વિકાસ પામેલી ત્રીજી ધાર્મિક પરંપરા છે. ભારત અને પૂર્વ એશિયાની જેમાં બ્રાહ્મણ (પૌરાણિક અને વૈદિક), શ્રમણ, (જૈન અને બૌદ્ધ), સંત (ખાલસા એટલે શિખ, શૈવ, શાકત, વૈષ્ણવ અને મધ્યકાલીન જ્ઞાન તથા ભક્તિપ્રવાહ) નો સમાવેશ થાય છે. આ ત્રણેય ધાર્મિક પ્રવાહો દ્વારા માનવ વિકાસ દેશકાળ પ્રમાણે વિકસતો રહ્યો છે.

મનુષ્યને જ્યારે અતિ અને અલૌકિક અદ્ભુત અને અગમ્ય તત્ત્વની પ્રતીતિ થઈ, રહસ્યમય બાબતોનો ભેદ ઉકેલી ન શક્યો, પોતાનાથી મહત્તર વિરાટ ઐશ્વર્ય તત્ત્વનું દર્શન થયું ત્યારે ડર, ભય, વિસ્મય, કુતૂહલ, કૃતજ્ઞતા અને અહોભાવથી પ્રેરાઈને એ તત્ત્વના દૈવત્વની તેણે પ્રતિષ્ઠા કરી, પ્રકૃતિના તત્ત્વોને માનવ કલ્પી તેનું યથામતિ પૂજન, અર્ચન કર્યું છે. આ કારણથી જ ''નાનાવર્ણોભિધકારા નાનૈવિધિને જયતે'' અર્થાત્ ઈશ્વરનાં અનેક રંગો, નામ, આકાર, વિધિઓ અને પૂજા અસ્તિત્વમાં આવ્યાં છે.

માનવજાતના વન્યજીવનમાં ખડક, ડુંગર, પ્રાણી, વૃક્ષાદિ, અનેકાનેક દેવો હતાં. સાગરકાંઠે અને ટાપુઓના નિવાસ દરમ્યાન સાગર અને જળચરો સાથે સંબંધિત દેવો હતા. કૃષિજીવનમાં ખેતી ઉપયોગી તત્ત્વો જેવા કે પૃથ્વી, આકાશ, સૂર્ય, વાયુ, મેઘ, વર્ષા, જળ ઇત્યાદિ દેવો હતા. ગ્રામ્યને નગરમાં વસવાટ બનતાં ગ્રામ્યને નગરનાં દેવોનો નિસર્ગાદિ દેવોમાં ઉમેરો થયો. કાળક્રમે અરણ્ય, ગ્રામ્ય, ને નગરજીવન નીતિ ભારતના સનાતન ધર્મમાં પરિણમી-આ રીતે જેમ જેમ માનવ સત્ય, સંસ્કૃત બનતો ગયો તેમ તેમ તેની ધાર્મિક પરંપરા વિકસતી ગઈ. પરિણામે પરમતત્ત્વને પામવાના અનેક માર્ગો અસ્તિત્વમાં આવ્યાં. કચ્છના સંત મેકરણ કાપડીએ આ હકીકતનું સમર્થન આપતાં કહ્યું છે કેઃ

**મું ભાયો તડ હિકડો,**
**પણ તહ લખ્ખ હજાર,**
**જી જીતે લંઘીયા,**
**ત થીદઃ પાર.**

**અર્થાત્ :** મેં માન્યું હતું કે માનવને આત્મકલ્યાણ, ઈશ્વરને પામવા માટે એક જ આરો-માર્ગ-રસ્તો છે પણ એવું નથી એ માટે તો હજારો રસ્તાઓ છે. અનુભવને અંતે એવું લાગ્યું છે કે જેણે જ્યાંથી પાર કરવાનો પ્રયત્ન કર્યો છે તેઓ ત્યાંથી તરીને પાર પહોંચ્યા છે.

ભારતવર્ષનાં મૂળ સંસ્કાર, દેશ-વિદેશની અનેક જાતિઓનું આગમન અને રક્તમિશ્રિત સંબંધોને કારણે અનેક સંપ્રદાયો, પંથો, માન્યતાઓ, ધર્મ વૈવિધ્ય, ધર્મની

સહિષ્ણુતા, સર્વધર્મસમભાવ, શ્રેષ્ઠતમ અને હિતકર તત્ત્વોનો સ્વીકાર એ સૌરાષ્ટ્રની સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણો છે. સૌરાષ્ટ્રમાં પ્રાચીન ધર્મનું ઝરણું સ્પષ્ટપણે લોથલની ધાર્મિક પરંપરાથી વહેતું જણાય છે. સૌરાષ્ટ્રનો લોકધર્મ જગવિખ્યાત છે.

**લોકધર્મ :**

દરેક પ્રજાને પોતાના પ્રદેશનો લોકધર્મ હોય છે. આ અંગે ક્ષિતિમોહન સેનનું મંતવ્ય ઉલ્લેખનીય છે. ''ભારતની પ્રાચીન આર્ય સંસ્કૃતિનો ઉષઃકાળ ઋગ્વેદથી થયો છે, તેમ ઈતિહાસકારો ભાખે છે. પણ એથીયે પ્રાચીન લોકસાહિત્ય લોકધર્મના અવશેષો આપરને અથર્વવેદના ઘણાંય સૂક્તોમાં મળી આવે છે અને બાકી રહેલાં આખ્યાનો, કહેવતો, મહાભારતમાં અને પુરાણોમાં સંકળાયેલાં જણાય છે. દરેક પ્રજાની સંસ્કૃતિનું હાર્દ તેના લોકસાહિત્યમાં જોવા મળે છે, પણ આ ઉન્મેષ વિદ્વાન સાહત્યિકારોમાં મોડો થાય છે.'' સૌરાષ્ટ્રનું લોકસાહિત્ય સમૃદ્ધશીલ છે. સૌરાષ્ટ્રનું લોકધર્મ યોગીઓનાં યોગ તત્ત્વોનો, સોમનાથનાં શૈવતત્ત્વોનો વેદના વૈદિક તત્ત્વોનો, વૈષ્ણવ ધર્મના સર્વવ્યાપક તત્ત્વોનો, બૌદ્ધના દયા, કરુણા તત્ત્વોનો, સૌરના પ્રકાશક તત્ત્વોનો, શક્તિના સામર્થ્યનો સર્વોપરિ તત્ત્વોનો, જૈનોના અહિંસકને ક્ષમા તત્ત્વોનો, ઈસ્લામની એકોપાસનાનાં તત્ત્વોનો, સુફીઓનાં નિર્દોષ તત્ત્વોનો, મહાપંથનાં અભેદ અને નિજાર તત્ત્વોના, જરથુસ્તોના પવિત્રતાનાં તત્ત્વોનો, ખ્રિસ્તીઓનાં સેવા તત્ત્વોનો પ્રભાવ ઝીલ્યો છે. આ તત્ત્વોનો સમન્વયથી ધર્મના ભેદભાવ વિનાનો આતમ્યૈક્ય, માનવતાવાદી લોકધર્મ સૌરાષ્ટ્રમાં સ્થપાયો છે. આ લોકધર્મની સ્થાપનામાં સૌરાષ્ટ્રના સાગર કિનારે અને ભૌગોલિક સ્થિતિએ મુખ્ય ભાગ ભજવ્યો છે.

**વેદકાલીન :**

પ્રભાસ સંસ્કૃતિનો સમય ઈ.પૂ. ૧૫૦૦નો ગણાય છે. પ્રભાસના અવશેષો પ્રાગેતિહાસિકકાળના જણાય છે. પ્રભાસક્ષેત્રની પવિત્રભૂમિએ તપશ્ચર્યા અને વિદ્યાના ક્ષેત્રે ઉચ્ચાંક સ્થાપ્યો હતો.

ઈરાન, ઈરાકના આર્યનિવેશમાં ઋશ્વાશ્વન ઋણિના દોહિત્ર ક્રાંતિકારી અથર્વવેદી ઋષિ જરથુસ્ટ્રીએ યજ્ઞવિધાન પરંપરામાં મહાયજ્ઞવેળાએ સોમની પ્રથમ આહુતિ ઈન્દ્રને આપવાને બદલે તેણે વરૂણને આપવાનું નક્કી કર્યું, તેથી યજ્ઞમાં ઉપસ્થિત ઋષિઓના ઈન્દ્રપક્ષી અને વરુણપક્ષી એમ બે વિભાગ પડી ગયા, પરિણામે ઈન્દ્રપક્ષી ઋષિઓનો વિશાળ સમુદાય સમુદ્રમાર્ગે પ્રભાસક્ષેત્રે આવી વસ્યા. એક અંદાજ પ્રમાણે આ ક્ષેત્રમાં સાઈઠ હજાર ઋષિઓએ વસવાટ કર્યો હતો. આ પ્રદેશમાં ભારતવર્ષના ઋષિઓ-મુનિઓ, સાધુ, સંતો, સંન્યાસીઓનું આવન-જાવન સતત વહેતું રહેતું. વૈદિક સાહિત્યની પરંપરામાં ઋગ્વેદ સંહિતાના રચયિતા શાકલ્યઋષિ પ્રભાસમાં હતા. પ્રભાસમાં ચારણ મહર્ષિ યાજ્ઞવલ્કયે સૂર્ય ઉપાસના કરી યજુર્વેદની સૌરશાખાની સ્થાપના કરી હતી. અથર્વવેદના મંત્ર-દ્રષ્ટા ભૃગુવંશી ભિન્ન ભિન્ન ભાર્ગવી પ્રભાસના હતા. શુક્લ અને કૃષ્ણ યજુર્વેદ સંહિતાના બન્ને પ્રવચનકારી સૌરાષ્ટ્રના હતા. ચ્યવનઋષિએ ચ્યવનપ્રાસ ઔષધ સૌ પ્રથમ પ્રભાસને તીરે નિર્માણ કર્યું હતું. પરશુરામ, દત્તાત્રેય અને ધ્રુવજીએ ઉગ્ર કઠિન તપશ્ચર્યા પ્રભાસમાં કરી હતી. શુકરાચાર્યે સંજીવનીવિદ્યા અને લવકુશે ધનુવિદ્યા પ્રભાસમાંથી હસ્તગત કરી હતી. અગસ્ત્ય, વસિષ્ઠ, વિશ્વામિત્ર વ્યાસ, વાલ્મિકી, અગ્નિવેશ્ય, મૃકંડ, ગર્ગાચાર્ય, માર્કેણ્ડેય, મુચંક, મુંચક, અત્રિ, ઔર્વ, ઋચિક, દધિચિ, ઉદ્દલાક, રામ, લક્ષ્મણ, જાનકી અને પાંડવો વગેરે સરસ્વતીને તીરે પ્રભાસક્ષેત્રની તેજોમયતામાં સતત વિચરતાં રહેતાં હતાં. સૌરાષ્ટ્રમાં પાટણમાં કપિલમુનિનો આશ્રમ, વેરાવળ દાણીબારે સ્તંભઋષિનો આશ્રમ, ભેંસાણ પાસે પરબવાવડીમાં સરભંગઋષિનો આશ્રમ, ગિરનારમાં દામોદરકુંડની ઉત્તરે અશ્વત્થામાનો અને સત્યધામઋષિનો નિવાસ, માળવેલામાં પરશુરામનો આશ્રમ, બગસરાને બગદાણામાં બગડાલમ ઋષિના આશ્રમો, શિહોરમાં ગૌતમઋષિનો આશ્રમ, સૂત્રાપાડા, ગુજરડા ને ચાણકામાં ચ્યવનઋષિના આશ્રમો, ગીરગઢડા દ્રોણમાં દ્રોણ ઋષિનો આશ્રમ, ભૃગકુંડ-ઘૂમલીમાં ભૃગુઋષિનો આશ્રમ, પોરબંદરમાં ભક્ત સુદામાનું નિવાસસ્થાન, પિંડારામાં મહામુનિ દુર્વાસાનો આશ્રમ, જામવાળા, રાણ ગામોમાં જમદગ્નીય ઋષિ અને પરશુરામના આશ્રમો, દ્વારકામાં તિતિરઋષિનો નિવાસ, પાંચાળના દર્માારણ્યમાં કણ્વ,

ગાલવ, માંડવ્ય, અંગિરસ, બૃહસ્પતિ, અત્રિઋષિ, ચાતુર્માસ માટે આશ્રમો બાંધી વિહાર કરતા, સૌરભઋષિનો આશ્રમ મચ્છુકાંઠે હતો. માર્ધ્યદિન, કણ્વ, જાબાલ, પારાશર અને કાત્યાયન, યાજ્ઞવલ્કલયનો શિષ્યો હતા. આ સર્વ ઋષિઓ, મુનિઓ, તપસ્વીઓથી સૌરાષ્ટ્રમાં વેદકાલીન સંસ્કૃતિ ગુંજતી હતી, તેની પ્રતીતિ વેદોની સંહિતાઓ, બ્રાહ્મણગ્રંથો અને સૂત્રગ્રંથોની મૂલ્યવાન અપ્રાપ્ય હસ્તલિખિત પોથીઓ સૌરાષ્ટ્રના જૂનાગઢ, ભાવનગર અને જામનગરના ગ્રામ્યપ્રદેશોમાંથી મળી આવે છે.

વલ્લભીકાળમાં ઉત્તરાપંથી એક હજાર ચારેય વેદપાઠી બહુશ્રુત બ્રાહ્મણો પરંપરાગત વેદશાખાનો સ્વાધ્યાય કરતા, તેમાં ઋગ્વેદની બહ્‌વયશાખા, કૃષ્ણ યજુર્વેદની મૈત્રાયણીય અને તેતરિય શાખા, શુક્લ યજુર્વેદની વાજસનેયી શાખા અને અથર્વવેદની અથર્વશાખા વિશેષ પ્રચલિત હતી. બ્રાહ્મણોએ શિહોરમાં 'શિહોર સંપ્રદાય' શરૂ કર્યો હતો. દસમા સૈકામાં ઉદિચ્ય બ્રાહ્મણો શિહોરમાં આવીને વસ્યા હોવાનો એકમત છે. શ્રીકૃષ્ણના પુત્ર સામ્બે ગ્રીસમાંથી સૂર્યપૂજા અને તેના પૂજારી શાકદ્વીપીય મગ બ્રાહ્મણોને લાવી, દ્વારકાક્ષેત્રમાં અને સાગર કિનારે વસાવ્યા હતા. આદ્ય શંકરાચાર્યે દ્વારકામાં શારદામઠ દ્વારા સામવેદ અને કૈવલ દ્વૈત અને મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સૌરાષ્ટ્રમાં સ્થાપના કરી હતી. ઊના-દેલવાડા આર્યવર્તના ૬૮ પ્રાચીન તીર્થધામોમાં ૨૧મું તીર્થધામ ગણાય છે.

**ધાર્મિક પ્રવાહો:**

સૌરાષ્ટ્ર એટલે અનેક ધર્મોની ભૂમિ, સૌરાષ્ટ્ર એટલે ધર્મોનું સંગ્રહાલય, સૌરાષ્ટ્ર એટલે સર્વ સંપ્રદાયોને મતોની સમન્વય ભૂમિ, સૌરાષ્ટ્ર એટલે તત્ત્વજ્ઞાનના યોગેશ્વરની ભૂમિ, સૌરાષ્ટ્ર એટલે સંતો, ભક્તો, ત્યાગી, તપસ્વી, ધર્મવીરો, મહાપંથી, ધર્મપંડિતો, મહાત્માઓ, ધર્મ-સંપ્રદાય પ્રવર્તકોની ભૂમિ - આ બધાને કારણે જ ઝવેરચંદ મેઘાણી સૌરાષ્ટ્રની ધર્મસાધનાને બહુરંગી ચૂંદડી તરીકે ઓળખાવે છે.

ભારતીય ધાર્મિકતા સેમાઈટ સંસ્કૃતિના તત્ત્વોથી સભર છે. પૌરાણિક પરંપરાના મૂળભૂત તત્ત્વો ઈજિપ્યનો પાસેથી અને વૈદિક પરંપરા તત્ત્વો બેબોલિયના આસિરિયનો પાસેથી અહીં આવેલાં છે. વૈદિક મંત્ર ય-ર બેબોલિયન પ્રકારના છે. શિવ અને શક્તિનાં તત્ત્વો પૂર્ણ એશિયાનાં છે.

ઈ.સ. પૂર્વે લગભગ ૧૬૦૦થી ઈ.સ. ૮૦૦ સુધીના સ્મૃતિકાળમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રિદેવ ઉપાસના અસ્તિત્વમાં આવી. ત્યારબાદ કાળક્રમે વિષ્ણુ, શિવ, સૂર્ય, ગણપતિ અને અંબિકા, એ પાંચ દેવોની ઉપાસનામાંથી વૈષ્ણવ, શૈવ, શાક્ત, સૌર અને ગણપતિ એ પાંચ સંપ્રદાયોનો પ્રાદુર્ભાવ થયો. એ પાંચેય દેવોની અલગ પૂજા-ઉપાસના સૂચવતાં અનેક મંદિરો સ્થાનકો અને મતો સૌરાષ્ટ્રમાં સર્વત્ર પથરાયેલાં છે. સૌરાષ્ટ્રમાં એક કાળે કર્મકાંડપરક વૈદિક અને ઉપનિષદ તત્ત્વજ્ઞાન પરક ધર્મ પ્રવર્તતો હતો. ભગવાન શ્રીકૃષ્ણના દ્વારકાના આગમન પછી તેમજ શ્રીકૃષ્ણ તત્ત્વજ્ઞાનીઓના યોગશ્વર હોવાથી સૌરાષ્ટ્રમાં વૈદિક ધર્મ પ્રતિષ્ઠિત થયો હતો. વૈદિક દેવોના નવા અવતારસમા દેવોનો પ્રાદુર્ભાવ થયો. તેમજ નવા નવા સંપ્રદાયો ને મતોનો ઉગમ થયો. શંકરાચાર્યે વેદાભિમુખ પરંપરા જળવાઈ રહે એ માટે મઢી અને અખાડા તેમજ દશનામી સન્યાસીઓની પરિપાટી પ્રસ્થાપિત કરી જે આજે પણ વ્યવસ્થિત રીતે ચાલે છે.

**વૈષ્ણવ સંપ્રદાય :**

વિષ્ણુનાં સહસ્ત્રનામ અને તેના અવતારો લોકજીભે પ્રચલિત છે. વિષ્ણુના અવતારોની ઉપાસના, ભાગવતધર્મ, પાંચરાત્ર, એકાન્તિકધર્મ, ભક્તિધર્મ અને વૈષ્ણવ સંપ્રદાયથી ઓળખાય છે. જેનો સમાવેશ બ્રાહ્મણ પરંપરામાં થાય છે. જે નામ સ્મરણને સવિશેષ મહત્ત્વ આપે છે. આ સંપ્રદાયના પેટા પ્રકારો ઈ. સ. પૂર્વે ૭૦૦ ભક્તિમાર્ગ અને ઈ. સ. ૪૫૬માં ભાગવતધર્મ નામે પ્રચલિત હતા.

સૌરાષ્ટ્રમાં અનાર્યો પાસેથી આર્યોએ વિષ્ણુપૂજા અપનાવી હતી. વિષ્ણુના અવતાર ગણાતા શ્રીકૃષ્ણના દ્વારકાના વસવાટથી દ્વારકા માધવપુર અને પ્રભાસ અખિલ ભારતીય સ્તરે મહત્ત્વના ભાગવત વૈષ્ણવપીઠ ભક્તિતીર્થ બન્યાં હતાં. મધ્યયુગમાં જ્ઞાન અને ભક્તિ, શિવ અને વિષ્ણુ જુદા પડ્યા પરિણામે શિવપૂજા વિવિધ માર્ગે વહી રહેલી જણાય છે.

**શૈવ સંપ્રદાયઃ**

શિવ એ પ્રાગવૈદિક અને આરણ્યક દેવ મનાયો છે. ધર્માનંદ કોસંબી શિવ-મહાદેવને સરહદી પહાડી પ્રજાનો દેવ માને છે. એ દૃષ્ટિએ શિવ એ લોક દેવ છે. અનેક રૂપો અને અનેક નામધારી શિવસ્વરૂપ પરમાત્માની ઉપાસના શૈવ સંપ્રદાય માહેશ્વરધર્મને નામે ઓળખાય છે. જેનો સમાવેશ બ્રાહ્મણ પરંપરામાં થાય છે. આર્યોએ અસૂરો પાસેથી શિવપૂજા અપનાવી હતી. સૌરાષ્ટ્ર શિવનું પરિભ્રમણ અને તપશ્ચર્યાનું કેન્દ્ર રહ્યું છે. સમગ્ર પૃથ્વી ઉપર બાલસ્વરૂપનાં શિવજીનો સાક્ષાત્કાર જામનગર પાસેના બરડા ડુંગરના ઘુમલી ક્ષેત્રમાં જ થાય છે. નાઘેર પ્રદેશ શિવજી સ્વેચ્છાએ દિગમ્બર સ્વરૂપ વિચરેલાં છે. ગિરનારમાં શિવ ઉગ્ર તપ કરી કૈલાસ ગયા હતા. પ્રાચીનકાળથી પ્રભાસ-સોમનાથ શિવપૂજાનું મહાકેન્દ્ર અને જ્યોતિર્લિંગ રહ્યું છે. મહાભારતમાં પ્રભાસને અગ્નિતીર્થ તથા સોમતીર્થ તરીકે ઓળખાવ્યું છે. સોમનાથ શિવનું કાલાગ્નિરૂપ ગણાય છે.

પ્રભાસ પશુપાત સંપ્રદાયનું કેન્દ્ર માનવામાં આવે છે. ઋગ્વેદ સંહિતાના આધ્ય પ્રણેતા શાકલ્યઋષિએ પ્રભાસક્ષેત્રમાં શિવની આરાધના કરી, સંહિતા રચી હતી. સૌરાષ્ટ્રનું કોઈ એવું ગામ કે આરણ્ય નથી કે જ્યાં શિવમંદિર ન હોય. સૌરાષ્ટ્રની સાગર સંસ્કૃતિમાં પણ શિવનું પ્રભુત્વ રહ્યું છે. સૌરાષ્ટ્રના સાગરકાંઠા ઉપર જ્યાં જ્યાં સાગરનો ફાંટો જમીનમાં લંબાઈને આગળ ગયો છે ત્યાં ત્યાં કુદરતી બંદર ઉપરના પ્રવેશ દ્વારે મોટા ખડક, ટેકરા કે શિલા ઉપર શિવલિંગની સ્થાપના અચૂક જોવા મળે છે.

સિદ્ધમાર્ગ, અવધૂતમાર્ગ, યોગમાર્ગ એવાં જુદાં જુદાં નામે ઓળખાતા નાથ સંપ્રદાયના આદિનાથ એટલે સ્વયં શિવને કારણે. શૈવ સંપ્રદાયને કારણે નિકટતમ સંબંધ પણ નાથ સંપ્રદાયનો મનાયો છે. સૌરાષ્ટ્રમાં માધવપુરમાં ગોરખનાથે જ્યાં તપશ્ચર્યા કરેલી તે ગુફા ગોરખનાથની ગુફા તરીકે ઓળખાય છે. ગિરનારમાં નવનાથનું બેસણું, ગુરુ ગોરખનાથનો ધૂણો અને પાદુકા, ઓઘડનાથ ટૂંક, ગિરનાર ઉપર સૌથી ઊંચી ટૂંક ઉપર ગુરુ ગોરખનાથનું સ્થાન સૌરાષ્ટ્રમાં જ આવેલાં છે.

**મહાપંથ - નિજારપંથ :**

મહાપંથ, આદિપંથ, મહામાર્ગ, પાટપંથ, માર્ગીપંથ, દૂનોધર્મ, બીજ માર્ગ, રામાપીર, પંથ, એવાં જુદાં જુદાં નામાભિધાનથી ઓળખાતો વાસનાના અભાવવાળો પંથ નિજાર, માર્ગી મહાપંથ રામાપીરપંથ નામે સવિશેષ પ્રસિદ્ધ છે. આ પંથનો માતંગઋષિ દ્વારા ૧૧મી સદીમાં સૌરાષ્ટ્રમાં વિશેષ પ્રચાર થયો હતો. મહામાર્ગના મૂળ ઘણાં ઊંડા છે. તેમાં સદ્‌ગુરુનું સવિશેષ મહત્ત્વ હોય છે.

**શાક્ત સંપ્રદાય :**

વિશ્વમાં શક્તિને જ સર્વોપરિ સર્વવ્યાપી, અદભુત સામર્થ્ય ધરાવતી અભીષ્ટ ફળદાતા બ્રહ્મસ્વરૂપ મનાય છે. આ શક્તિ તત્ત્વમાં વિશ્વમાં સેંકડો નામે અને સ્વરૂપે સર્વત્ર પુજાય છે. વિશ્વના સમસ્ત માનવકૂળે શક્તિને જ આરાધી છે. આ શક્તિ ઉપાસનાને 'શાક્ત સંપ્રદાય' નામે ઓળખવામાં આવે છે. જેનો સમાવેશ બ્રાહ્મણ પરંપરામાં થાય છે. શક્તિ સંપ્રદાયને વ્યવસ્થિત કરનાર માર્કણ્ડેય ઋષિ અને તંત્ર નિરૂપણના સાધકોમાં ભૃગુ અને અંગીરસ ઋષિઓ સર્વોચ્ચ મનાય છે. આ ત્રણેય ઋષિઓના આશ્રમો સૌરાષ્ટ્રમાં દર્શાવાય છે. પ્રાચીનકાળથી જ સૌરાષ્ટ્રમાં શાક્ત સંપ્રદાય અધિક પ્રમાણમાં ફેલાયો હતો. કૃષ્ણકાળમાં સૌરાષ્ટ્રમાં દેવી ઉપાસના પ્રચલિત હતી. સૌરાષ્ટ્રમાં ડુંગરની ટોચ ઉપર, શિખર ઉપર, કુદરતી વાતાવરણમાં, વનવગડે, જંગલમાં, વેરાન રણમાં, નદી, તળાવ, કૂવાકાંઠે, કોઈ વૃક્ષ નીચે શિલા નીચે, પાષાણના ફળાને સિંદૂર ચોપડીને શક્તિની પ્રતિષ્ઠા થતી. સમગ્ર સૌરાષ્ટ્ર શક્તિમાતાના કુળદેવી, કર દેવી, ચારણ માતાજી, સતીમાતાનાં સ્થાનકોથી રંગાયેલું છે. શક લોકો શક્તિપૂજક હતા અને તેઓ સૌ પ્રથમ સૌરાષ્ટ્રમાં શક્તિ પૂજા લાવ્યા હોવાની માન્યતા પ્રવર્તે છે. સૌરાષ્ટ્રમાં ગુપ્તકાળ અને મૈત્રકકાળમાં શક્તિ પૂજા સોળે કળાએ ખીલી હતી. માતાજીના ભૂવાની પ્રણાલીમાં દ્રાવિડિયન પ્રભાવ જણાય છે.

**ગણપતિ સંપ્રદાય :**

પ્રાચીનકાળથી સૌરાષ્ટ્રમાં સમૃદ્ધિદાયક બુદ્ધિદાયક અને વિઘ્નહર્તા દેવ તરીકે, ધાર્મિકવિધિ કે શુભકાર્યોના પ્રારંભમાં ગણપતિનું પૂજન-અર્ચન અનિવાર્ય ગણાયું છે.

શિવ-પાર્વતીના બીજા પુત્ર સ્કંદનો સંપ્રદાય સૌરાષ્ટ્રમાં ઘુમલી, ઢાંક અને સોમનાથ વિસ્તારમાં એક કાળે ફેલાયેલો હતો. ભાણવડ, ગોપ અને પાસ્તરના સ્કંદમૂર્તિઓ સ્કંદપૂજાની પ્રતીતિ કરાવે છે.

**દત્ત સંપ્રદાય :**

ગિરનાર, ઊના અને મૂળી દત્તાત્રેયની તપોભૂમિ રહી છે. ગિરનાર ઉપર અનસૂયાની મૂર્તિ તેમજ દત્તાત્રેયનો ધૂણો, પાદુકા દર્શનીય છે. દ્વારકા, અમરેલી ને જામનગરમાં ગુરુ દત્તાત્રેયનાં પ્રસિદ્ધ મંદિરો છે.

**સૌર સંપ્રદાય :**

સૂર્ય વૈદિક દેવ છે. અથર્વવેદ, ઋગ્વેદ અને યજુર્વેદમાં તેની સ્તુતિ જોવા મળે છે. સૃષ્ટિના વિકાસક્રમ, નિયમન સંચાલન સૂર્યશક્તિને જ આભારી છે. આથી સૌરાષ્ટ્રની પ્રજાએ તેને પ્રત્યક્ષ દેવ માનીને તેનું પૂજન-અર્ચન કર્યું છે. સૌરાષ્ટ્રનું નામ સૌરા ઉપર પડ્યું હોવાનો એક મત છે. આ પ્રદેશને સૂર્યના દેશ તરીકે પણ એક કાળે લોકો ઓળખતા. પ્રભાસ એટલે અતિ પ્રકાશમાન અને ભાસ્કર એટલે પણ સૂર્ય એટલે જ સોમનાથ પ્રભાસ અને ભાસ્કરક્ષેત્રથી પ્રચલિત છે. પુરાણ કથાનુસાર શ્રીકૃષ્ણના પુત્ર સામ્બ ગ્રીસ દેશમાંથી સૂર્યોપાસના અને તેના પૂજારી મગ નામના બ્રાહ્મણોને સામ્બે સૌરાષ્ટ્રમાં વસાવી દ્વારકા ક્ષેત્રમાં સૂર્યમંદિરો અને સૂર્યતીર્થની સ્થાપના કરી હતી. દ્વારકાક્ષેત્રમાં કુલ ૧૪ અને સૌરાષ્ટ્રમાં કુલ ૫૬ સૂર્યમંદિરો એક કાળે હતાં. સૌરાષ્ટ્રમાં કેટલાંક ક્ષત્રિયકૂળો સૂર્યવંશી છે. કેટલીક જ્ઞાતિઓ સૌરાષ્ટ્રમાં સૂર્યપૂજક છે. વિશ્વની સોયપંથ-સોલરકટની પ્રણાલિકાની અસર સૌરાષ્ટ્રમાં જોવા મળે છે. સૂર્યપત્ની સંજ્ઞા-રાંદલનું પૂજન-અર્ચન વિશાળ-વર્ગ કરે છે.

**ચંદ્ર પૂજા :**

ચંદ્ર--સોમ અસૂરના દેવ છે. પ્રભાસક્ષેત્રે ચંદ્રે શિવને પ્રસન્ન કર્યા હતા. કેટલાંક ક્ષત્રપ રાજવીઓ ચંદ્ર પૂજક હતા. કેટલીક જ્ઞાતિઓ ચંદ્રવશી ગણાય છે. વિશ્વની ચંદ્રપંથ લ્યૂનર કલ્ટની પ્રણાલિકાની અસર સૌરાષ્ટ્રમાં જોવા મળે છે.

**દરિયાલાલ પૂજા :**

સૌરાષ્ટ્ર પ્રદેશ વિશાળ સમુદ્રકિનારો ધરાવે છે. દરિયાલાલ, દરિયાદેવ, દરિયાપીર નામે સમુદ્ર સૌરાષ્ટ્રમાં પૂજાય છે. સિંધવાઈ દેવી સાગરપૂજા સાથે સંબંધિત છે.

**હનુમાન પૂજા :**

વાયુપુત્ર, વૈરાગી, હનુમાનજી, બળ, બુદ્ધિ, વિદ્યા, સંગીત, નમ્રતા, બ્રહ્મચર્ય અને નિષ્કામ ભક્તિના મહાન પ્રતીક તરીકે અને રૂદ્રાંશ તરીકે ઉપાસ્ય દેવમાં ઊંચું સ્થાન પામ્યા છે. દાસ્ય ભક્તિનો સોળમી સદીના અંતભાગે જે જુવાળ આવ્યો તેના પરિણામસ્વરૂપ અસંખ્ય હનુમાન મંદિરો નિર્માણ પામ્યાં છે. શ્રી રામે લંકાના વિજય પછી હનુમાનજીના પુત્ર મકરધ્વજને સૌરાષ્ટ્રનું રાજ્ય આપ્યાની લૌકોકિત પ્રચલિત છે. મકરધ્વજના બધા જ વંશજો હનુમાનજીને ઈષ્ટદેવ તરીકે સ્વીકારી તેની અનન્ય પૂજા ભક્તિનો પ્રારંભ કર્યો હતો. સૌથી વધુ હનુમાનજીની પૂજા સૌરાષ્ટ્રમાં જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં એવું કોઈ ગામ કે સ્થાન નથી કે જ્યાં હનુમાનજીનું સ્થાન ન હોય.

**કબીરપંથ :**

રામાનંદજીના નિર્ગુણવાદી શિષ્ય કબીરજીના નામે પ્રચલિત થયેલ પંથ 'કબીરપંથ' તરીકે ઓળખાય છે. પંદરમી સદીના ઉતરાર્ધ અને સોળમી સદીના પ્રારંભમાં સમગ્ર દેશમાં કબીરજીના નાના-મોટા સંતો, માર્ગો અને પંથો દેશમાં ખૂણે ખૂણે ઊભા થયા હતા. વિ.સં. ૧૫૦૫માં કબીરજીએ સૌરાષ્ટ્રની યાત્રા કરી હતી. રામકબીર મતનો ફેલાવો સૌરાષ્ટ્રમાં સવિશેષ રહ્યો છે. કબીર પરંપરાના ષટપ્રજ્ઞદાસ અર્થાત્ છઠ્ઠાસ્વામીએ સૌ પ્રથમ દુધરેજમાં જગ્યા ચેતાવી કબીરમતનો પ્રચાર કરાવ્યો હતો. એ પછી ભાણસાહેબની ફોજે ભજન, સત્સંગ દ્વારા કબીરપંથનો ભવ્યતાથી પ્રચાર ને પ્રસાર કર્યો હતો.

**નાગ પૂજા:**

નાગને ફળદ્રુપતા આપનાર, સમૃદ્ધિ, સંપત્તિ, પૃથ્વી, સીમ, ખેતર, કૂવાના રક્ષક દેવ તરીકે સૌરાષ્ટ્રે સ્વીકારી પૂજન, અર્ચન કર્યાં છે. પ્રાચીન કાળે સૌરાષ્ટ્રમાં અનાર્યનું એક પેટાકુળ નાગ હતુ. તેનો અધિપતિ વાસુકિ વહાણવટામાં નિષ્ણાત, પારંગત એને નિપૂણ ગણાયો છે. સૌરાષ્ટ્રમાં નાગપૂજા વ્યાપકપણે ફેલાયેલ હતી. વાસ્તુપૂજામાં પણ નાગને સ્થાન આપવામાં આવ્યું છે.

તક્ષકનાગ આધ્યાત્મિક સાધના માટે ઉત્તમ માર્ગદર્શક ગણાય છે.

**વૃક્ષ પૂજા :**

વૃક્ષો માતૃત્વના દાતા તરીકે, દેવોના રહેઠાણ તરીકે, આરોગ્ય રક્ષક તરીકે, ઔષધરૂપે પ્રકૃતિ સૌંદર્યના શોભારૂપે પૂજનીય છે. પુરાણોમાં વૃક્ષોનો અનેકવિધ મહિમા ગણાયો છે.

**જૈન ધર્મ :**

ઈ.સ. પૂર્વે ચોથા સૈકામાં સૌરાષ્ટ્રમાં જૈન ધર્મનો પ્રાદુર્ભાવ થઈ ચૂક્યો હતો. દ્વારકાક્ષેત્રના યાદવકુમાર જૈન ધર્મના ૨૨મા તીર્થંકર નેમિનાથના સમયમાં જૈન ધર્મ સૌરાષ્ટ્રમાં વેગવંતો બન્યો હતો. વિ.સં. ૩૫૭, ૩૭૦માં વલભીપુરની વાચના નાગાર્જુનના અધ્યક્ષપણા નીચે યોજાઈ હતી. શ્વેતાંબર અને દિગમ્બર સંપ્રદાયના ભેદ સૌરાષ્ટ્રમાં ઉદભવ્યાનો એક લોકમત છે, લોકમાન્યતા છે. ક્ષત્રપકાલમાં જૈન ધર્મના મહાન ગ્રંથોનું સર્જન થયું હતું. જૈન ધર્મનાં કલાકૃતિવાળાં ધર્મસ્થાનો અને અનુયાયીઓની સંખ્યા ઘણી મોટી છે. પાલીતાણા અને ગિરનાર જૈનધર્મનાં અગ્રગણ્ય કેન્દ્રો છે.

**બૌદ્ધ ધર્મ :**

શ્રમણ પરંપરાના બૌદ્ધધર્મનો પ્રચાર સૌરાષ્ટ્રમાં ઈ.સ. ત્રીજી સદીથી મૌર્યકાળથી થયો હતો. અશોકે ગિરિનગર-જૂનાગઢમાં શિલાલેખ કોતરાવી બૌદ્ધ ધર્મનો અભ્યુદય કર્યો હતો. મૌર્યકાળથી ગુપ્તકાળ દરમિયાન અનેક સ્થળોએ બૌદ્ધ વિહારો અને શૈલગૃહો કોતરવામાં આવ્યાં હતાં. સૌરાષ્ટ્રમાં બૌદ્ધધર્મની મહાયાન અને હીનયાન બન્ને શાખાઓનો વિશેષ પ્રચાર રહ્યો છે. બૌદ્ધ ધર્મની સમ્મતીય શાખા સૌરાષ્ટ્રમાં ઉદ્ભવી છે. વલ્લભી વિદ્યાપીઠ એ હીનયાન શાખાની એશિયાઈ વિદ્યાપીઠ હતી. બુદ્ધના ભાઈ મહેન્દ્ર અને તેમની પુત્રી સંઘમિત્રા સૌરાષ્ટ્ર પ્રચારાર્થે આવ્યાં હતાં. ઊના પાસે સાણા ડુંગરની ત્રણ ટેકરીઓની વિષ્ણુના અવતારોમાં સમાવિષ્ટ છે. સૌરાષ્ટ્રના પ્રાચીન સ્થાપત્યકીય સ્મારકોમાં બૌદ્ધસ્થાનો મૂલ્યવાન ગણાયાં છે.

**ઈસ્લામ ધર્મ :**

ઈ.સ. ૭મી સદીથી આરબ વેપારીઓ સૌરાષ્ટ્રમાં બંદરો ઉપર અવરજવર કરતા હતા. ઈ.સ. ૭૮૮માં વલ્લભીનો વિનાશ થતાં સૌરાષ્ટ્રની મુસ્લિમ વસ્તીમાં વધારો થયો. ઈ.સ. આઠમી સદીમાં મુસ્લિમ સંતો, ફકીરો, સુફીઓનું આગમન થયું. એમના પ્રયત્નોથી સૌરાષ્ટ્રમાં ઈસ્લામ ધર્મનો પ્રચાર થયો. સૌરાષ્ટ્રમાં સલ્તનત અને મોગલ સામ્રાજ્યની સ્થાપના થતાં, ઈસ્લામ ધર્મ વિશેષ પ્રચલિત બન્યો. સુલ્તાનો અને સંતો ધર્માન્તર પ્રવૃત્તિઓ ચલાવતાં સૌરાષ્ટ્રમાં ઈસ્લામ ધર્મ કેટલીક કોમોએ સ્વીકારતાં સૌરાષ્ટ્રમાં મુસ્લિમ વસ્તી વધતી ગઈ.

**જરથોસ્તી ધર્મ :**

આઠમી સદીમાં ગુજરાતને પોતાને વતન બનાવવા આવી પહોંચેલા પારસીઓ પોતાની સાથે જરથોસ્તી ધર્મ લઈને આવ્યા. સૌરાષ્ટ્રના શહેરોમાં અગિયારીઓ સ્થાપી પારસીઓએ જરથોસ્તી ધર્મની જ્યોત જલતી રાખી છે.

**ખ્રિસ્તી ધર્મ:**

ખ્રિસ્તી ધર્મ સૌરાષ્ટ્રમાં ૧૬મી સદીમાં દીવ અને તેની આસપાસના વિસ્તારોમાં વસતા ફિરંગીઓની સાથે તેમજ ૧૭મી સદીમાં સૌરાષ્ટ્રમાં વસવા આવેલા અંગ્રેજો સાથે પ્રવેશ કર્યો. સૌરાષ્ટ્રમાં કલાસરનું ફિરંગીઓનું દેવળ ભારતમાં પ્રાચીન દેવળો પૈકીનું એક મનાય છે. ૧૮૧૮ પછી બ્રિટિશયુગનાં પ્રારંભમાં રોમન કેથલિક સંપ્રદાયની પ્રવૃત્તિ સૌરાષ્ટ્રમાં શરૂ થઈ. સેવા અને શિક્ષણ દ્વારા આ ધર્મનો પ્રચાર વિશેષ થયો છે. ધર્મ પરિવર્તનને કારણે આ ધર્મનો ફેલાવો વિશેષ માત્રામાં થયો છે.

સૌરાષ્ટ્રમાં નાના મોટા અનેક સંપ્રદાયોનું અસ્તિત્વ રહ્યું છે, તેની યાદી ઘણી મોટી છે. તેમ છતાં અત્રે કેટલાકનો નામોલ્લેખ આ પ્રમાણે છે. આર્ય સમાજ, સ્વામિનારાયણ, થીઓસોફી સોસાયટી, લોકાયતમત, રામકૃષ્ણ મિશન, ગાયત્રી પીઠો, આચાર્ય રજનીશના કેન્દ્રો, લોકદેવો-દેવીઓ, સ્વાધ્યાય પરિવારના ધાર્મિક અનુયાયની સંખ્યા સૌરાષ્ટ્રમાં મોટી છે. સૌરાષ્ટ્રની પ્રજા પ્રથમથી જ માને છે કે ઈશ્વરને પહોંચવાના માર્ગો અનેક છે. સૌરાષ્ટ્રમાં સાધુ, સંતો, ભક્તોની સંખ્યા ઘણી મોટી અને જગવિખ્યાત છે. કોઈ ગામ સાધુ, સંતો, સંન્યાસી વગર ખાલી નથી. લેખનાં પાનાની મર્યાદાને કારણે આ લેખની વિશેષ માહિતી સંક્ષેપમાં આપવામાં આવી છે. બાકી સૌરાષ્ટ્રની ધર્મસાધના માટે કહેવાનું તો મારી પાસે ઘણું છે.

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઇ

## ભેટની યાદી

### સમાજને ભેટ

૧૧,૦૦૦/- આકોલા નિવાસી હાલ થાણા સ્વ. કિશોરભાઈ દેવકરણ શાહના આત્મ શ્રેયાર્થે તેમના પરિવાર તરફથી

૧,૦૦૧/- યોગેશકુમાર નવલચંદ પારેખ તરફથી સ્વ. મંજુલાબેન નવલચંદ પારેખના આત્મશ્રેયાર્થે સમાજને ભેટ

### મુખપત્રને ભેટ

૩,૦૦૦/- આકોલા નિવાસી હાલ થાણા સ્વ. કિશોરભાઈ દેવકરણ શાહના આત્મશ્રેયાર્થે તેમના પરિવાર તરફથી

૨૫૦/- યોગેશકુમાર નવલચંદ પારેખ તરફથી સ્વ. મંજુલાબેન નવલચંદ પારેખના આત્મશ્રેયાર્થે મુખપત્રને ભેટ

### ડૉ. શાંતિલાલ રતિલાલ કોરડીઆ મેડીકલ રાહત

૪,૦૦૦/- આકોલા નિવાસી હાલ થાણા સ્વ. કિશોરભાઈ દેવકરણ શાહના આત્મ શ્રેયાર્થે તેમના પરિવાર તરફથી

### કાયમી શ્રદ્ધાંજલિ

૧૧,૦૦૦/- અશોકભાઈ રમણીકલાલ સંઘવી પરિવાર તરફથી રમણીકલાલ ગોકળદાસ સંઘવીની કાયમી શ્રદ્ધાંજલિ (જૂનાગઢ) નિમિત્તે

૧૧,૦૦૦/- માણેકચંદ ઝવેરચંદ વસા પરિવાર તરફથી બેન સુધાબેન વસાની કાયમી શ્રદ્ધાંજલિ નિમિત્તે

૧૧,૦૦૦/- આકોલા નિવાસી હાલ થાણા સ્વ. કિશોરભાઈ દેવકરણ શાહના આત્મશ્રેયાર્થે તેમના પરિવાર તરફથી

### શૈક્ષણિક સહાય ખાતે

૧૧,૦૦૦/- આકોલા નિવાસી હાલ થાણા સ્વ. કિશોરભાઈ દેવકરણ શાહના આત્મશ્રેયાર્થે તેમના પરિવાર તરફથી

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઇમાં ભેટની યાદી

### અનાજ વિતરણ

૫૦,૦૦૦/- આકોલા નિવાસી હાલ થાણા સ્વ. કિશોરકુમાર દેવકરણ શાહના આત્મ શ્રેયાર્થે તેમના પરિવાર તરફથી સહાય

### આર્થિક સહાય ખાતે

૫૦૦/- શ્રીમતી રંજનબાળા ગુણવંતરાય વસા પરિવાર હસ્તે જયેશભાઈ સ્વ. રંજનબાળા ગુણવંતરાય વસાના આત્મશ્રેયાર્થે

### મુખપત્ર આજીવન સભ્ય

૧,૫૦૦/- અશોક રમણીકલાલ સંઘવી, જૂનાગઢ

### ફૂલડાંની ફોરમ

ફૂલડાંની ફોરમ કોલમ અંતર્ગત ૩ વર્ષથી નાનાં બાળકોના ફોટા તેમના જન્મદિન નિમિત્તે ફ્રી છાપવામાં આવશે. તો આપ સૌ જ્ઞાતિજનોને વિનંતી છે કે આપના પરિવારમાં કોઈપણ ૩ વર્ષની ઉંમર સુધીનાં બાળકોનો જન્મદિન જે માસમાં આવતો હોય તે માસમાં તેનો પાસપોર્ટ સાઈઝનો કલર ફોટો તથા જન્મ તારીખ, માતા-પિતાનું નામ, મૂળ વતન અને હાલનું પૂરું સરનામું લખવું અને ઈમેલ કરવું.

# અવસાન નોંધ

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ, મુંબઈ

જેતપુર નિવાસી હાલ આકોલા સ્વ. લક્ષ્મીચંદ પ્રેમચંદ સંઘવીના સુપુત્ર સ્વ. વિનોદરાય લક્ષ્મીચંદ સંઘવીના ધર્મપત્ની કલાબેન (ઊ. વ. ૮૦) અરિહંત શરણ પામેલ છે.

❊❊

સોરઠ વંથલી નિવાસી હાલ સાંતાક્રુઝ વેસ્ટ સ્વ. મગનલાલ અમરચંદ મહેતાના સુપુત્ર ધીરજલાલ મગનલાલ મહેતા (ઊ. વ. ૮૩) સોમવાર તા. ૨૯.૩.૨૦૨૧ના રોજ અરિહંત શરણ પામેલ છે.

❊❊

લાખાપાદર નિવાસી હાલ મુલુંડ સ્વ. રમેશચંદ્ર કપુરચંદ્ર રામાણીના ધર્મપત્ની મિનાક્ષીબેન (ઊ. વ. ૭૮) તા. ૩૦.૩.૨૦૨૧ના અરિહંત શરણ પામેલ છે.

❊❊

સ્વ. રમેશભાઈ જયંતિભાઈ રામાણી તા. ૪.૪.૨૦૨૧ના રોજ અરિહંતશરણ પામેલ છે.

❊❊

સ્વ. મહેન્દ્રભાઈ જયંતિલાલ રામાણી તા.૪-૪-૨૦૨૧ના રોજ અરિહંત શરણ પામેલ છે.

❊❊

વંથલી સોરઠ નિવાસી હાલ વિરાર નગીનભાઈ શામજી શાહ (ઊ. વ. ૮૨) અરિહંત શરણ પામેલ છે.

❊❊

પિપલાણા નિવાસી હાલ કલકત્તા જીતેન્દ્ર કરમચંદ ભણસાલી તા. ૮.૪.૨૦૨૧ના રોજ અરિહંત શરણ પામેલ છે.

❊❊

કુતિયાણા નિવાસી હાલ બોરીવલી પ્રવિણભાઈ નાગરદાસ બખાઈ (ઊ. વ. ૭૮) તા. ૮.૪.૨૦૨૧ના રોજ અરિહંત શરણ પામેલ છે.

❊❊

ખારચીયા નિવાસી હાલ રાજકોટ સ્વ. કાંતિલાલ ઝવેરચંદ મહેતાના ધર્મપત્ની રંજનબેન (ઊ. વ. ૮૬) તા. ૬.૪.૨૦૨૧ના રોજ રાજકોટ મુકામે અરિહંત શરણ પામેલ છે.

❊❊

ખારચીયા નિવાસી હાલ રાજકોટ સ્વ. કાંતિલાલ ઝવેરચંદ મહેતાના સુપુત્ર સંજયભાઈ મહેતા (ઉ. વ. ૫૨) તા. ૧૧.૪.૨૦૨૧ના રોજ અરિહંત શરણ પામેલ છે.

❊❊

માણાવદર નિવાસી હાલ રાજકોટ મહાસુખલાલ શામળજી મહેતા તા. ૧૧.૪.૨૦૨૧ રાજકોટ મુકામે અરિહંત શરણ પામેલ છે.

❊❊

ધોરાજી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. રસીકભાઈ રણછોડદાસ શાહના ધર્મપત્ની ગં. સ્વ. લાભુબેન રસીકભાઈ શાહ (ઊ. વ. ૮૯) તા. ૧૦-૪-૨૦૨૧ના રોજ નવકારમંત્રનું સ્મરણ કરતા અરીહંત શરણ પામેલ છે.

❊❊

રાજકોટ નિવાસી શ્રી મહેન્દ્રભાઈ નરોત્તમદાસ વોરા (ઉ. વ. ૬૪) તે વિલાસબેનના પતિ તા. ૧૪.૪.૨૦૨૧ના રોજ નવકારમંત્રનું સ્મરણ કરતા અરિહંત શરણ પામેલ છે.

❊❊

ઉપલેટા (મેરવદર) નિવાસી હાલ બોરીવલી ડૉ. હસમુખભાઈ ચુનીલાલ મેઘજીભાઈ મહેતા (ઊ. વ. ૭૪) શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ - બોરીવલીના માજી પ્રમુખ તા. ૧૧.૪.૨૦૨૧ના રોજ અરિહંત શરણ પામેલ છે.

❊❊

સ્વ. તારાચંદ જેચંદ પારેખના પુત્ર શશીકાંતભાઈ તા. ૧૦.૪.૨૧ના રોજ અરિહંત શરણ પામેલ છે.

❊❊

સ્વ. રસીકભાઈ રણછોડદાસ શાહના ધર્મપત્ની ગં. સ્વ. લાભુબેન રસીકભાઈ શાહ (ઊ. વ. ૮૯) તા. ૧૦.૪.૨૦૨૧, શનિવારના રોજ નવકારમંત્રનું સ્મરણ કરતા અરિહંત શરણ પામેલ છે.

❊❊

બગસરા નિવાસી હર્ષદ કાન્તીલાલ વોરા (જુનીયર કે લાલ)નવકારમંત્રનું સ્મરણ કરતા અરિહંત શરણ પામેલ છે.

# એપ્રિલ માસના મુખપત્રના "સૌજન્ય દાતા"



## શ્રીમતી નિર્મળાબેન કાન્તિલાલ વોરા

નિર્મળાબેનનું વ્યક્તિત્વ એક અલૌકિક ઓજસના પડછાયા રૂપ હતું. શાંત સ્વભાવ, કુટુંબ પરિવાર પ્રત્યે અસીમ સ્નેહની નિર્મળ ગંગા વહેવડાનાર સાચા અર્થમાં ગૃહિણી હતા. મનમાં હરહંમેશ એક જ વાત, કેવી રીતે અન્યને સહાય રૂપ બનવું. તેઓ અન્યને સહાય રૂપ થવાની કોઇ પણ તક જતી ન કરતા અને કોઇ કારણસર જો ચુકી જવાય તો તે વાતનો સદાય તેમને અફસોસ રહેતો. સાધુસાધ્વીની વૈયાવચ્ચ, તેમજ જીવદયા તેમના જીવનનું એક અનોખું પાસું હતું. આવા શાંત અને મૃદુ સ્વભાવના નિર્મળાબેનને સાધર્મિક પ્રત્યે પણ સુંદર ભાવના અને લાગણી હતી. ઘરમાં કોઇ પણ સારી વસ્તુ આવે ત્યારે તુરત જ તેમની સમક્ષ સાધર્મિક કુટુંબોનો વિચાર આવતો કે તેઓ માટે આ વસ્તુનો વપરાશ શક્ય હશે કે નહીં અને તેઓ તે વસ્તુ શક્ય તેટલાં કુટુંબોને મોકલાવીને જ સંતોષ માનતા. આવા જ સદ્‌ગુણ, લાગણી અને ઉચ્ચ સંસ્કારો તેમના પુત્રો, પુત્રી, વહુઓ અને બાળકોમાં જોવા મળે છે. નિર્મળાબેન એક સુંદર સંસ્કારશીલ, ઉદારદિલ અને સૌજન્યશીલ સન્નારી હતા.

।। ૐ હ્રીં શ્રી મુનિસુવ્રત સ્વામીયે નમ।। ।। ૐ હ્રીં શ્રી સુમતિનાથ સ્વામીયે નમઃ।। ।। ૐ હ્રીં શ્રી સંભવનાથ સ્વામીયે નમઃ।।



આવો સ્મરણાંજલી શબ્દરૂપે સમર્પિત કરીએ... જીવનનો કાફલો રોજ-રોજ આગળ વધે છે,
તેની ગતિ નો ભલે ખ્યાલ સીધી રીતે નથી આવતો,
કિન્તુ કૅલેન્ડરના પાના અને ઘડિયાળ ના કાંટા જે રીતે સતત બદલાયા કરે છે,
તેજ તેનું પ્રમાણ છે, આયુષ્ય વર્ષોમાં નથી લખાયું,
એ તો શ્વાસો શ્વાસ ના પ્રમાણમાં લખાયું છે,
વિ શ્વ-બ્રહ્માંડની શા શ્વત લીલા અનાદિકાળથી ચાલે છે,
એમાં આપણે ય નિત નવા રૂપે આવાગમન કરતાં જ રહીએ છીએ,
બસ પરિચય વિસરાઇ જતા હોય છે, આપણું સુદર મૃત્યુ એ વસ્તુતઃ
આપણા પ્રત્યે ની આપણી પોતાની જ જવાબદારી ગણાય છે,
મોહ-મમતા ને દૂર કરવા એ જ સાચું મૃત્યુ છે અને
નિર્મોહીપણુ જ અમરત્વ છે, બ્રહ્મ છે, આજ સ્મરે છે એક પવિત્ર પરમ આત્મા...

# શ્રી કનુભાઇ સાવડિયા

સરળ સ્વભાવી કનુભાઇ વિશશેળ આ પૃથ્વી પર આવા બહુરત્ન વસુંધરાએ સમતા અને સમાધી સાથે વિદાય લીધી ને મુક્તિની ઉડાન હાંસલ કરી. તેમનું વ્યક્તિત્વ એક અલૌકિક ઓજસના પડછાયા રૂપ હતું. મિલનસાર સ્વભાવ, કર્મશીલતા, નિર્ભીકતા, સાહસિકતા, ધર્મમયતા, દાનશીલતા તથા સરળતા સાથે જીવદયા ના ક્ષેત્રે અમુલ્ય યોગદાન તથા નિર્વિવાદ વિરલ અને ખુમારી ભર્યું વ્યક્તિત્વ તેઓના ખાસ ગુણ ભાવવિભોર, અમૃતવાણી, શાતા પમાડે પરંપરા એ મહાન આનંદ નું બીજ હતા.

**કુતિયાણા નિવાસી, હાલ નાગપુર માતુશ્રી વિજયાબેન તથા પિતાશ્રી સોભાગચંદ સાવડિયા ના ઉત્તમકુક્ષી રત્ન-માતુશ્રી નર્મદાબેન તથા પિતાશ્રી ભાનુલાલ મહેતા ના મોભી જમાઇ - શ્રી કનકરાય (કનુભાઇ).**

**કુસુમબેનના જીવનસાથી, કિશોરભાઇ-કલાબેન, ચંદ્રકાંત-અરુણાબેન, મુકેશભાઇ-પ્રજ્ઞાબેન, કિરીટભાઇ-ઉષાબેન, પ્રવિણાબેન-રસિકલાલ, ઉર્વશીબેન-મનસુખલાલ, કોકિલાબેન-હરસુખલાલ, હંસાબેન-રજનીકાંત, સરલાબેન-રશ્મીકાંત, ના વડિલ બંધુશ્રી, જગદીશભાઇ-રેખાબેન, અશ્વીનભાઇ-જયશ્રીબેન ના પિતાશ્રી, જતીન-હિમાંશી, ભાવિ-સાવન, લાભેશ અને રાશિ ના દાદાશ્રી તથા સાવડિયા પરિવારના સિરછત્ર...- શ્રી કનુભાઇ.**

આપશ્રીએ જીવનના ઉત્તરાર્ધમાં વિશાળ પરિવારના ઉત્કર્ષ તથા ધાર્મિક, સામાજીક અને વ્યવસાયિક ક્ષેત્રે ભગીરથ કાર્ય કરેલ. જીવનના પૂર્વાર્ધમાં ગુરુભગવંતોના આર્શિવચનથી જીવદયાના ક્ષેત્રે અબોલ જીવોને અભયદાન દેવાનું શરૂ કર્યું જે નિરંતર અંતિમ સમય સુધી જીવને જોખમમાં મૂકીને અનેરી કોઠાસુઝ સાથે પોલીસ સાથે/કોર્ટમાં/ગોરક્ષકો/વકિલો તથા ડોક્ટરોથી કાર્ય કુનેહતાપૂર્વક પાર પાડી અનેકાને જીવોને જીવનદાન અપાવી એક ઇતિહાસની રચના કરેલ અને લગભગ દરેક આચાર્ય ભગવંતના આશિર્વાદ તથા મુખમાં જીવદયા માટે તેમનું નામ હતું અને પોતાની સફળતાનો યશ કોઇપણ અહંકાર વગર દેવગુરુ અને ધર્મને જ આપતાં. તેઓ જીવદયા માટે એક જીવદયા માટે એક પયાર્ય (Living Legend) બની ગયા હતા અને શાસન રત્ન બિરૂદ મળ્યું હતું.

આપશ્રીએ ધર્મક્ષેત્ર અનેક વિધ અનેરા લાભ લીધેલ જેમાં મુખ્યતઃ કમારગોડામાં શિખરબંધી દેરાસરનો લાભ, મૂર્તિ ભરાવવાનો અને પ્રભુ પ્રતિષ્ઠાનો લાભ, છ'રી પાલીત સંઘનો લાભ, ભોજનશાળાનો લાભ, ઇતવારી સંઘના સ્વાધ્યાય હૉલના નૂતનીકરમૂણનો લાભ તથા પોતાના જીવનમાં જીવતા જગતીયુ, પાલીતાણામાં ઘણા વર્ષોથી પર્યુષણ કરવા સાથે શિક્ષણ ક્ષેત્રે, તબીબ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, વૈયાવચ્ચ વગેરે ક્ષેત્રે ઘણાં સુકૃત કરેલ જેનું લીસ્ટ બહુ લાંબુ છે. આપશ્રીએ ધાર્મિક-સામાજિક-વ્યવસાયિક સંસ્થાઓના અનેક પદો પર રહી તેની ગરિમા વધારી નવી ઉંચાઇઓ આપી હતી.

હું યાદ કરીશ સઘળી તીર્થ યાત્રા જે મેં જીવનમાં કીધી, હું યાદ કરીશ ક્રિયા તપસ્યા ભક્તિ જે મેં આચરી લીધી, હું યાદ કરીશ જિનવાણી સુખકારી જે મેં ઘૂંટડે-ઘૂંટડે પીધી, હું યાદ કરીશ જીવદયા અભયદાનના સુકૃત જિન શાસન ના ઉત્તમ કાર્યો, મન સુકૃત અનુમોદન કરશે, દૃષ્કૃત્યની ગરહા પણ કરશે, સૌ સાથે ક્ષમાયાચન કરશે, એક સમાધિમરણની પરમ દશા અંતિમ સમયે મળશે, પ્રાર્થના નાથ સાંભળશે...

તમારી તપ સંપદા, ગુણ સંપદા ના ત્રિવેણી સંગમ સુકૃતોની અનુમોદના કરવામાં અમે નિમિત્ત બની રહીયે.

લી. ગુણાનુરાગી
સુરેશભાઇ ભાનુલાલ મહેતા, જામનગર
અમૃતલાલ રામજી વસા, મોહનલાલ પ્રભુદાસ મહેતા, કોલકાતા
તા. ૧૩.૦૯.૨૦૨૦
દિપકભાઇ સી. શેઠ, મુંબઇ, મેહુલભાઇ આર. શાહ, અમદાવાદ.

PUBLISHED ON 20TH EVERY MONTH - RNI - 22805 / 73 - SOATH VISHSHRIMALI (Guj. Monthly)
POSTED AT KALBADEVI HEAD POST OFFICE, MUMBAI - 400 002. ON 20th & 21st OF EVERY MONTH
Printed & Published by : Kirtiben Mayurbhai Mehta on behalf Shri Sorath Visa Shrimali Jain Samaj Printed at Arihant Printing Press - Mo. : 9223430415
If Undelivered Pl. return of - Shri Sorath Visa Shrimali Jain Samaj 4, Devkaran Mansion, Bldg., No. 7, 2nd Flr., 24, Vithaldas Road, Mumbai-400002. Maharashtra (India)